
MANOGAT • Year-39 • Issue-17 • 10 December 2020 • Kartak Vad 10, Samvat 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28






# मनोगत

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।





**ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ દ્વારા મિશન ૧૮૨ની રણનીતિના ભાગરૂપે પેજ પ્રમુખ અને પેજ સમિતિ અભિયાન અંતર્ગત ગુજરાતના દરેક બુથના દરેક મતદાર પેઈજ પર પેજ સમિતિ બનાવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. તેની શરૂઆત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે પોતે કરી દૃષ્ટાંત બેસાડી સમગ્ર રાજ્યના કાર્યકરોને પ્રેરણા આપી કટિબદ્ધ બનવા સંદેશ આપ્યો**



ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર

વિધાનસભા : મજૂરા　　બૂથ નંબર: ૯૪　　વોર્ડ: ૨૦-ખટોદરા-મજૂરા-સગરામપુરા

પેજ પ્રમુખનું નામ: પાટીલ ચંદ્રકાંત રઘુનાથ
સરનામું: ૪૩-૪૪, દિનબંધુ સોસાયટી, ભટાર રોડ, સુરત.
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧૦૫૮　બ્લડ ગ્રુપ: B+
મોબાઈલ નંબર: ૯૮૨૪૧૨૭૬૯૪　આધાર નંબર: ૪૩૪૫૮૭૧૮૩૨૫૨
જન્મ તારીખ: ૧૬-03-૧૯૫૫　લગ્ન તારીખ: 0૬-0૫-

પેજ કમિટીનું નામ: ખારીવાલા હિતેશ દિલીપભાઈ
સરનામું: ૩૭- દિનબંધુ સોસાયટી, ભટાર રોડ, સુરત
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧૦૫૨　બ્લડ ગ્રુપ: O+
મોબાઈલ નંબર: ૯૮૨૫૪૫૩૭૭૧　આધાર નંબર: ૮૭૫૬૨૩૨૬૯૨૨
જન્મ તારીખ: ૯-૬-૧૯૭૮　લગ્ન તારીખ: ૨૭-0૫-૨003


પેજ કમિટીનું નામ: પાટીલ અનિરુદ્ધ પ્રકાશ
સરનામું: ૩૮-૩૯, દિનબંધુ સોસાયટી ભટાર રોડ, સુરત
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧૦૫૬　બ્લડ ગ્રુપ: A+
મોબાઈલ નંબર: ૯૮૨૫0૪0૨૮0　આધાર નંબર: ૬૪૯૯૮૨૧૭૪૫૧
જન્મ તારીખ: ૨૨-0૫-૧૯૯0　લગ્ન તારીખ: ૪-૧૨-૨0૧૬


પેજ કમિટીનું નામ: ચૌહાણ વિજય રણછોડભાઈ
સરનામું: ૪૫- દિનબંધુ સોસાયટી ભટાર રોડ, સુરત
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧૦૭૭　બ્લડ ગ્રુપ: A+
મોબાઈલ નંબર: ૯૮૨૪૧૩૧૦૫૨　આધાર નંબર: ૭૬0૨0૮૧૯૫૨૮૮
જન્મ તારીખ: ૧૩-૧૧-૧૯૭0　લગ્ન તારીખ: ૨૧-૫-૧૯૯૫

પેજ કમિટીનું નામ: પાટીલ પુષ્પરાજ સંજય
સરનામું: ૪0- દિનબંધુ સોસાયટી, ભટાર રોડ, સુરત
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧0૬૨　બ્લડ ગ્રુપ: O+
મોબાઈલ નંબર: ૯૯૭૮૭૪૪૯૯૯　આધાર નંબર: ૯૯૬૯0૫0૫૮૭૭૯
જન્મ તારીખ: 0૨-0૭-૧૯૯૪　લગ્ન તારીખ: –

પેજ કમિટીનું નામ: ક્રિશ્ચિયન આલ્બર્ટ જોસેફ
સરનામું: ૪૧-૪૨, દિનબંધુ સોસાયટી, ભટાર રોડ, સુરત
પાના નં: ૩૬　મતદાર યાદી ક્રમાંક: ૧0૬૫　બ્લડ ગ્રુપ:
મોબાઈલ નંબર: ૭0૯૯૯૩૩૪૭૭　આધાર નંબર: ૫0૨૫૯0૬૭0૬૩
જન્મ તારીખ: 0૫-૧૨-૧૯૮૮　લગ્ન તારીખ: 0૫-૧૨-૨0૧૧

Year : 39, Issue : 17, Pages : 28





**તંત્રીસ્થાનેથી**

# કાશી અવિનાશી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ કે માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી જ સાંસ્કૃતિક ધરોહર સાથેના વિકાસના પ્રહરી રહ્યા છે. અને પ્રધાનમંત્રી બન્યા પછી સમગ્ર દેશમાં આ પ્રકારના વિકાસને તેજ ગતી આપી છે. કાશીને પણ સાંસ્કૃતિક ધરોહરના વિકાસની એક નવી વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ રહી છે. સૌથી વધારે આનંદ અને ગૌરવની બાબત એ છે કે, પ્રાચીન અને આધ્યાત્મિક શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ સમું ભગવાન કાશી વિશ્વનાથનું મંદિર અને સંકુલ આધુનિક વિકાસ સાથે પુનઃ દૈદીપ્યમાન થઈ રહ્યું છે. આજુબાજુનાં દબાણો, મકાનો અને અડચણરૂપ બંધનોને સમજાવટથી દૂર કરીને સમગ્ર સંકુલને એક નવું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

આપણે જાણીએ છીએ કે અગાઉ તો મંદિર સુધી પહોંચવું જ તકલીફોવાળું હતું. તેના સ્થાને આજે એક આખા ‘કોરિડોર’નું નિર્માણ કરીને મંદિરથી ગંગાઘાટ સુધી સીધું જ જઈ શકાય તેવું સુંદર વિકાસકાર્ય થયું છે. કાશી વિશ્વનાથ મંદિરથી સીધો જ ગંગાઘાટ હવે જોડાઈ ગયો છે. ‘શિવ અને ગંગા’ના આ સંગમ-સ્થળ દ્વારા તેની દિવ્યતા અને ભવ્યતા ખરા અર્થમાં ઊભી થઈ છે, પ્રત્યેક હિંદુસ્તાની મન અહીં આવીને આપોઆપ જ બોલી ઊઠશે કે - હર હર ગંગે - હર હર ગંગે.

મારી દૃષ્ટિએ અયોધ્યામાં રામમંદિરના ભવ્ય નિર્માણના સમકાલીન સમયમાં કાશીમાં ભગવાન વિશ્વનાથ મંદિરના પરિસરનું આ ભવ્ય નિર્માણ દેશની સંસ્કૃતિનું શ્રેષ્ઠ પ્રગટીકરણ તો છે જ, સાથે સાથે મુગલકાળની માનસિક ગુલામીની બીમારીમાંથી મુક્તિની આ દેશના દંભી બિનસાંપ્રદાયિકો માટેની કદાચ આ છેલ્લી તક અને શીખ પણ છે.

મારી દૃષ્ટિએ માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહેલાં કાશીનાં વિકાસકાર્યો દ્વારા બનારસ ખરા અર્થમાં દેશની આધ્યાત્મિક રાજધાનીની પોતાની પુરાણી ઓળખ પુનઃ પ્રાપ્ત કરી રહ્યું છે ત્યારે આવો, આપણે સૌ પણ ભારતમાતા પ્રત્યેના સ્વદેશ, સ્વધર્મ અને સંસ્કૃતિના નમ્ર ઉપાસક બનીને આત્મગૌરવનો જયઘોષ કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
**E-mail : manogat.1980@gmail.com**

**તંત્રી મુદ્રક પ્રકાશક :**

સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., ‘ઑફસેટ હાઉસ’ સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**


**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, ‘Offset House’, Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# કાશી અવિનાશી

**ભલે સરહદો પર ઘૂસણખોરીના પ્રયાસો હોય, વિસ્તારવાદી તાકાતોનું દુઃસાહસ હોય કે પછી દેશની અંદર દેશને તોડવાનો પ્રયાસ કરનારી વ્યૂહરચનાઓ હોય, ભારત આજે બધાનો જવાબ આપી રહ્યું છે અને જડબાતોડ જવાબ આપી રહ્યું છે**

## દેશ હવે ગરીબી, અન્યાય અને ભેદભાવના અંધકાર વિરુદ્ધ પણ પરિવર્તન માટે પરિવર્તનના દીવડાઓ પ્રગટાવી રહ્યું છે




હર હર મહાદેવ! હર હર મહાદેવ! હર હર મહાદેવ!

કાશી કોટવાલની જય! માતા અન્નપૂર્ણાની જય! મા ગંગાની જય!

જો બોલે સો નિહાલ, સત શ્રી અકાલ! નમો બુદ્ધાય!

તમામ દેશવાસીઓને કાર્તિક પૂર્ણિમા દેવદિવાળીની હાર્દિક શુભકામનાઓ! તમામને ગુરુ નાનક દેવજીના પ્રકાશપર્વની પણ ખૂબ-ખૂબ શુભેચ્છાઓ!


**કાશીના ઘાટ આમ પણ દિવ્યમાન જ છે આ જ તો મારી અવિનાશી કાશી છે**

કોરોનાકાળમાં ભલે ઘણું બધું બદલાઈ ગયું છે પરંતુ કાશીની આ ઊર્જા, કાશીની આ ભક્તિ, આ શક્તિ તેને કોઈ થોડી બદલી શકવાનું હતું? સવારથી જ કાશીવાસી સ્નાન, ધ્યાન અને દાનમાં લાગેલા રહ્યા છે. કાશી આમ જ જીવંત છે. કાશીની ગલીઓ આમ જ ઊર્જાથી સભર છે. કાશીના ઘાટ આમ પણ દિવ્યમાન જ છે. આ જ તો મારી અવિનાશી કાશી છે.

સાથીઓ, મા ગંગાના સાંનિધ્યમાં કાશી પ્રકાશનો ઉત્સવ ઊજવી રહી છે અને મને પણ મહાદેવના આશીર્વાદ વડે આ પ્રકાશગંગામાં ડૂબકી લગાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. આજના દિવસે મને કાશીના છ લેન હાઈવેના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો અવસર પણ મળ્યો. સાંજે દેવદિવાળીનાં દર્શન કરી રહ્યો છું. અહીંયા આવતા પહેલાં કાશી વિશ્વનાથ કોરિડોરમાં પણ જવાનો અવસર મને મળ્યો અને હમણાં રાત્રે હું સારનાથ લેસર શૉનો પણ સાક્ષી બનવાનો છું. હું તેને મહાદેવના આશીર્વાદ અને આપ સૌ કાશીવાસીઓનો વિશેષ સ્નેહ માનું છું.

**૧૦૦ વર્ષ કરતાં પણ પહેલાં માતા અન્નપૂર્ણાની જે મૂર્તિ કાશીમાંથી ચોરાઈ ગઈ હતી તે હવે પાછી પોતાના ઘરે પરત ફરી રહી છે**


સાથીઓ, કાશી માટે આ એક બીજો પણ વિશેષ અવસર છે! તમે સાંભળ્યું હશે, ગઈકાલે મન કી બાતમાં પણ મેં તેનો ઉલ્લેખ કર્યો હતો અને હમણાં યોગીજીએ પણ ખૂબ તાકાત સાથે ભરેલા અવાજમાં તે વાતનો પુનરુચ્ચાર કર્યો છે. ૧૦૦ વર્ષ કરતાં પણ પહેલાં માતા અન્નપૂર્ણાની જે મૂર્તિ કાશીમાંથી ચોરાઈ ગઈ હતી તે હવે પાછી પોતાના ઘરે પરત ફરી રહી છે. માતા અન્નપૂર્ણા ફરી એકવાર પોતાના ઘરે પાછાં ફરી રહ્યાં છે. કાશી માટે આ બહુ મોટા સૌભાગ્યની વાત છે. આપણાં દેવી-



દેવતાઓની આ પ્રાચીન મૂર્તિઓ, આપણી આસ્થાના પ્રતીકની સાથે જ આપણી અમૂલ્ય વિરાસત પણ છે. એ વાત પણ સાચી છે કે આટલો પ્રયાસ જો પહેલાં કરવામાં આવ્યો હોત તો આવી કેટલીય મૂર્તિઓ દેશને ઘણા સમય પહેલાં જ પાછી મળી ચૂકી હોત. પરંતુ કેટલાક લોકોની વિચારધારા જુદી જ રહી છે. અમારા માટે વિરાસતનો અર્થ છે દેશની ધરોહર! જ્યારે કેટલાક લોકોની માટે વિરાસતનો અર્થ હોય છે, પોતાનો પરિવાર અને પોતાના પરિવારનું નામ! અમારા માટે વિરાસતનો અર્થ છે આપણી સંસ્કૃતિ, આપણી આસ્થા, આપણાં મૂલ્યો! તેમની માટે વિરાસતનો અર્થ છે પોતાની પ્રતિમાઓ, પોતાના પરિવારની તસવીરો! એટલા માટે તેમનું ધ્યાન પરિવારની વિરાસતને બચાવવામાં જ રહ્યું, અમારું ધ્યાન દેશની વિરાસતને બચાવવામાં, તેને સુરક્ષિત રાખવા ઉપર છે. મારા કાશીવાસીઓ, જરા કહો તો હું સાચા રસ્તે જઈ રહ્યો છું કે નહીં? હું બરાબર કરી રહ્યો છું કે નહીં? જુઓ તમારા બધાના આશીર્વાદથી જ આ બધુ થઈ રહ્યું છે. આજે જ્યારે કાશીની વિરાસત પાછી ફરી રહી છે તો એવું પણ લાગી રહ્યું છે કે જાણે કાશી માતા અન્નપૂર્ણાના આગમનના સમાચાર સાંભળીને સાજ-શણગારયુક્ત થઈ ગઈ હોય.

### પૂર્ણિમા પર દેવદિવાળી

સાથીઓ, લાખો દીવડાઓથી કાશીના ચોર્યાસી ઘાટ ઝગમગ થઈ ઊઠવા એ અદ્ભુત છે. ગંગાની લહેરોમાં આ પ્રકાશ, આ આભાને વધારે અલૌકિક બનાવી રહ્યો છે અને સાક્ષી કોણ છે જુઓ ને. એવું લાગી રહ્યું છે કે જાણે આજે પૂર્ણિમા પર દેવદિવાળી



ઊજવી રહેલ કાશી મહાદેવના મસ્તિષ્ક પર બિરાજમાન ચંદ્રમાની જેમ ચમકી રહી છે. કાશીનો મહિમા જ આવો છે. આપણાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે — ''काश्यां हि काशते काशी सर्वप्रकाशिका''।। અર્થાત્ તે આત્મજ્ઞાન વડે પ્રકાશિત થાય છે એટલા માટે કાશી સૌને, સંપૂર્ણ વિશ્વને પ્રકાશ આપનારી છે, પથ પ્રદર્શિત કરનારી છે. દરેક યુગમાં કાશીના આ પ્રકાશમાંથી કોઈ ને કોઈ મહાપુરુષની તપસ્યા જોડાઈ જાય છે અને કાશી દુનિયાને રસ્તો બતાવતી રહે છે. આજે આપણે જે દેવદિવાળીનાં દર્શન કરી રહ્યા છીએ, તેની પ્રેરણા પહેલાં પંચગંગા ઘાટ પર સ્વયં આદિ શંકરાચાર્યજીએ આપી હતી. ત્યાર બાદ અહલ્યાબાઈ હોલકરજીએ આ પરંપરાને આગળ વધારી. પંચગંગા ઘાટ પર અહલ્યાબાઈ હોલકરજી દ્વારા તેમના દ્વારા સ્થાપિત ૧૦૦૦ દીવડાઓનો પ્રકાશ સ્તંભ પણ આ પરંપરાનો સાક્ષી છે.

### આતંક, અત્યાચાર અને અંધકારના અંત પર દેવતાઓએ મહાદેવની નગરીમાં આવીને દીવડાઓ પ્રગટાવ્યા હતા

સાથીઓ, કહેવાય છે ને કે જ્યારે ત્રિપુરાસુર નામના દૈત્યએ સંપૂર્ણ સંસારને આતંકિત કરી નાખ્યું હતું, ત્યારે ભગવાન શિવે કાર્તિક પૂર્ણિમાના દિવસે તેનો અંત કર્યો હતો. આતંક, અત્યાચાર અને અંધકારના અંત પર દેવતાઓએ મહાદેવની નગરીમાં આવીને દીવડાઓ પ્રગટાવ્યા હતા, દીવાળી ઊજવી હતી, દેવોની તે દીવાળી જ દેવદીવાળી છે. પરંતુ આ દેવતા કોણ છે? આ દેવતાઓ તો આજે પણ છે, આજે પણ બનારસમાં દિવાળી ઊજવી રહ્યા છે. આપણા મહાપુરુષોએ, સંતોએ લખ્યું છે- ''लोक बेदह बिदित बारानसी की बड़ाई, बासी नर-नारि ईस-अंबिका-स्वरूप हैं''। અર્થાત્ કે કાશીના લોકો જ દેવસ્વરૂપ છે. કાશીના નર-નારી તો દેવી અને શિવના સ્વરૂપ છે, એટલા માટે આ ચોર્યાસી ઘાટો પર, આ લાખો દીવડાઓને આજે પણ દેવતા જ પ્રજ્વલિત કરી રહ્યા છે, દેવતાઓ જ આ પ્રકાશ ફેલાવી રહ્યા છે. આજે આ દીવડા તે આરાધ્યો માટે પણ પ્રજ્વલિત થઈ રહ્યા છે કે જેમણે દેશની માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા હતા. જેઓ જન્મભૂમિ માટે શાહીદ થયા, કાશીની આ ભાવના દેવદીવાળીની પરંપરાનું આ પાસું લાગણીશીલ બનાવી દે છે. આ અવસર પર હું દેશની રક્ષા કરવામાં શહીદી વહોરનારા, પોતાની યુવાની હોમી દેનારા, પોતાનાં સપનાંઓને મા ભારતીના ચરણોમાં ન્યોછાવર કરી દેનારા આપણા સપૂતોનું હું નમન કરું છું.

### આત્મનિર્ભર અભિયાનની સાથે ચાલીને દેશ લોકલ માટે વોકલ પણ થઈ રહ્યો છે

સાથીઓ, ભલે સરહદો પર ઘૂસણખોરીના પ્રયાસો હોય, વિસ્તારવાદી તાકાતોનું દુઃસાહસ હોય



કે પછી દેશની અંદર દેશને તોડવાનો પ્રયાસ કરનારી વ્યૂહરચનાઓ હોય, ભારત આજે બધાનો જવાબ આપી રહ્યું છે અને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, પરંતુ તેની સાથે જ દેશ હવે ગરીબી, અન્યાય અને ભેદભાવના અંધકાર વિરુદ્ધ પણ પરિવર્તન માટે પરિવર્તનના દીવડાઓ પણ પ્રગટાવી રહ્યું છે. આજે ગરીબોને તેમના જિલ્લાઓમાં, તેમનાં ગામડાંઓમાં રોજગારી આપવા માટે પ્રધાનમંત્રી રોજગાર અભિયાન ચાલી રહ્યું છે. આજે ગામડાંઓમાં સ્વામિત્વ યોજનાઓના માધ્યમથી સામાન્ય માનવીને તેના ઘર-મકાન પર કાયદાકીય અધિકાર આપવામાં આવી રહ્યો છે. આજે ખેડૂતોને તેમના વચેટિયાઓ અને શોષણ કરનારાઓમાંથી આઝાદી મળી રહી છે. આજે લારી, ફૂટપાથ અને ઠેલાવાળાઓને પણ મદદ અને રોકડ રકમ આપવા માટે બેન્કો સામે ચાલીને આવી રહી છે. હમણાં થોડા દિવસો પહેલા જ મેં 'સ્વનિધિ યોજના'ના લાભાર્થીઓ સાથે કાશીમાં વાત પણ કરી હતી. તેની સાથે જ, આજે આત્મનિર્ભર અભિયાનની સાથે ચાલીને દેશ લોકલ માટે વોકલ પણ થઈ રહ્યો છે, થઈ રહ્યો છે કે નથી થઈ રહ્યો? બરાબર યાદ રાખો છો કે ભૂલી જાવ છો મારા ગયા પછી? હું બોલીશ વોકલ ફોર, તમે બોલશો લોકલ, બોલશો ને? વોકલ ફોર લોકલ. આ વખતના પર્વ, આ વખતની દિવાળી જે રીતે ઊજવવામાં આવી, જે રીતે દેશના લોકોએ સ્થાનિક ઉત્પાદનો, સ્થાનિક ભેટસોગાદોની સાથે પોતાના ઉત્સવો ઊજવ્યા તે ખરેખર પ્રેરણાદાયી છે. પરંતુ આ માત્ર તહેવારોની માટે જ નથી, તે આપણા જીવનનો ભાગ બની જવા જોઈએ. આપણા પ્રયાસોની સાથે-સાથે આપણા ઉત્સવો પણ એક વાર ફરીથી ગરીબની સેવાના માધ્યમ બની રહ્યા છે.

**સુધારાઓની સાર્થકતા સામે આવવા લાગે છે તો બધું જ બરાબર થઈ જાય છે**

સાથીઓ, ગુરુ નાનક દેવજીએ તો પોતાનું આખું જીવન જ ગરીબ, શોષિત, વંચિતની સેવામાં સમર્પિત કર્યું હતું. કાશીનો તો ગુરુ નાનક દેવજી સાથે આત્મીય સંબંધ પણ રહ્યો છે. તેમણે એક બહુ લાંબો સમય કાશીમાં વ્યતીત કર્યો હતો. કાશીનું ગુરુબાગ ગુરુદ્વારા તો તે ઐતિહાસિક સમયનું સાક્ષી છે જ્યારે ગુરુ નાનક દેવજી અહીંયાં પધાર્યા હતા અને કાશીવાસીઓને નવી રાહ ચીંધી હતી. આજે આપણે સુધારાઓની વાત કરીએ છીએ, પરંતુ સમાજ અને વ્યવસ્થામાં સુધારાઓના બહુ મોટા પ્રતીક તો ગુરુ નાનક દેવજી પોતે જ રહ્યા હતા. અને આપણે એ પણ જોયું છે કે જ્યારે સમાજના હિતમાં, રાષ્ટ્રહિતમાં પરિવર્તન થાય છે તો જાણે-અજાણે વિરોધના સ્વરો જરૂરથી ઊઠે છે. પરંતુ જ્યારે તે સુધારાઓની સાર્થકતા સામે આવવા લાગે છે તો બધું જ બરાબર થઈ જાય છે. આ જ શિક્ષા આપણને ગુરુ નાનક દેવજીના જીવનમાંથી મળે છે.

**સદીઓ પહેલાં, બાબાના દરબારમાં મા ગંગા સુધી જે સીધો સંબંધ હતો, તે ફરી પાછો સ્થાપિત થઈ રહ્યો છે**


સાથીઓ, કાશી માટે જ્યારે વિકાસનાં કાર્યો શરૂ કર્યાં હતાં, વિરોધ કરવાવાળાઓ માત્ર વિરોધ માટે વિરોધ ત્યારે પણ કર્યા કરતા હતા, કર્યો હતો કે નહોતો કર્યો? કર્યો હતો ને? તમને યાદ હશે, જ્યારે કાશીએ નક્કી કર્યું હતું કે બાબાના દરબાર સુધી વિશ્વનાથ કોરિડોર બનશે, ભવ્યતા, દિવ્યતાની સાથે-સાથે શ્રદ્ધાળુઓની સુવિધાને પણ વધારવામાં આવશે, વિરોધ કરનારાઓએ ત્યારે તેને લઈને પણ ઘણું બધું કહ્યું હતું. ઘણું બધું કર્યું પણ હતું. પરંતુ આજે બાબાની કૃપાથી કાશીનું ગૌરવ પુનર્જીવિત થઈ રહ્યું છે. સદીઓ પહેલાં, બાબાના દરબારમાં મા ગંગા સુધી જે સીધો સંબંધ હતો, તે ફરી પાછો સ્થાપિત થઈ રહ્યો છે.

**રામજીની ઇચ્છા થઈ ગઈ તો મંદિર પણ બની રહ્યું છે**

સાથીઓ, સારી નીતિ વડે જ્યારે સારાં કર્મો કરવામાં આવે છે, તો વિરોધ હોવા છતાં તે સિદ્ધ થાય જ છે. અયોધ્યામાં શ્રી રામમંદિરથી મોટું આનું બીજું કયું ઉદાહરણ હોઈ શકે? દાયકાઓથી આ પવિત્ર કામને લટકાવવા ભટકાવવા માટે શું-શું નથી કરવામાં આવ્યું? કેવા કેવા ભય ઉત્પન્ન કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે! પરંતુ જ્યારે રામજીની ઇચ્છા થઈ ગઈ તો મંદિર પણ બની રહ્યું છે.

**મા ગંગાનું પાણી પણ હવે નિર્મળ થઈ રહ્યું છે**

અયોધ્યા, કાશી અને પ્રયાગનું આ ક્ષેત્ર આજે આધ્યાત્મિકતાની સાથે-સાથે પ્રવાસનની અપાર સંભાવનાઓ માટે તૈયાર થઈ રહ્યું છે. અયોધ્યામાં જે ઝડપી ગતિએ વિકાસ થઈ રહ્યો છે, પ્રયાગરાજે જે રીતે કુંભનું આયોજન જોયું છે, અને કાશી આજે જે રીતે વિકાસના પથ પર અગ્રેસર છે, તેનાથી સંપૂર્ણ દુનિયાનો પ્રવાસી આજે આ ક્ષેત્રની દિશામાં જોઈ રહ્યો છે. બનારસમાં કાશી વિશ્વનાથ મંદિર ક્ષેત્રની આસપાસ દુર્ગાકુંડ જેવા સનાતન મહત્ત્વના સ્થળોનો પણ વિકાસ



કરવામાં આવ્યો છે. બીજા મંદિરો અને પરિક્રમા પથને પણ સુધારવામાં આવી રહ્યો છે. ઘાટોનાં ચિત્રો ઝડપી ગતિએ બદલાઈ રહ્યાં છે, તેણે સુબહ-એ-બનારસને ફરીથી અલૌકિક આભા પ્રદાન કરી છે. મા ગંગાનું પાણી પણ હવે નિર્મળ થઈ રહ્યું છે. આ જ તો પ્રાચીન કાશીનો આધુનિક સનાતન અવતાર છે, આ જ તો બનારસનો સદા જળવાઈ રહેનારો રસ છે.

**ભગવાન બુદ્ધ કહેતા હતા - ન હિ વેરેન વેરાની સમ્મન્તિ ધ કુદાચન અવેરેન હિ સમ્મન્તિ એસ ધમ્મો સનન્તો અર્થાત્ વેર દ્વારા વેર ક્યારેય શાંત નથી થતું હોતું**

સાથીઓ, હવે અહીંયાંથી હું ભગવાન બુદ્ધની સ્થળી સારનાથ જઈશ. સારનાથમાં સાંજના સમયે પર્યટનને પ્રોત્સાહન આપવા માટે અને લોકશિક્ષણ માટે પણ આપ સૌની જે લાંબા સમયથી માંગ રહેલી હતી તે હવે પૂરી થઈ ગઈ છે. લેસર શૉમાં હવે ભગવાન બુદ્ધના કરુણા, દયા અને અહિંસાના સંદેશ સાકાર થશે. આ સંદેશ આજે વધારે પ્રાસંગિક થતા જઈ રહ્યા છે જ્યારે દુનિયા હિંસા, અશાંતિ અને આતંકના ભયને જોઈને ચિંતિત છે. ભગવાન બુદ્ધ કહેતા હતા - ન હિ વેરેન વેરાની સમ્મન્તિ ધ કુદાચન અવેરેન હિ સમ્મન્તિ એસ ધમ્મો સનન્તો અર્થાત્ વેર દ્વારા વેર ક્યારેય શાંત નથી થતું હોતું. અવેરથી વેર શાંત થઈ જાય છે. દેવદિવાળી દ્વારા દેવત્વનો પરિચય કરાવતી કાશીમાંથી પણ આ જ સંદેશ છે કે આપણું મન આ જ દીવડાઓની જેમ ઝગમગી ઊઠે. દરેકમાં હકારાત્મકતાનો ભાવ પ્રગટે. વિકાસનો પથ પ્રદર્શિત થાય. સંપૂર્ણ દુનિયા કરુણા, દયાના ભાવને પોતાની અંદર સમાવિષ્ટ કરે. મને વિશ્વાસ છે કે કાશીમાંથી નીકળનાર આ સંદેશ, પ્રકાશની આ ઊર્જા સંપૂર્ણ દેશના સંકલ્પોને સિદ્ધ કરશે. દેશે આત્મનિર્ભર ભારતની જે યાત્રા શરૂ કરી છે, ૧૩૦ કરોડ દેશવાસીઓની તાકાત વડે આપણે તેને પૂરી કરીશું.

**તમારા સેવાભાવને પ્રણામ કરું છું અને તમે ગરીબમાં ગરીબની જે ચિંતા કરી છે તેણે મારા મનને સ્પર્શી લીધું છે. હું જેટલી તમારી સેવા કરું તેટલી ઓછી છે**

મારા વ્હાલા કાશીવાસીઓ, આ જ શુભકામનાઓ સાથે, આપ સૌને એક વાર ફરી દેવદિવાળી અને પ્રકાશપર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું. કોરોનાના કારણે સૌના માટે જે નિયમો નક્કી કરવામાં આવ્યા હતા તેના લીધે હું પહેલાં તો અવારનવાર તમારી વચ્ચે આવતો હતો. પરંતુ આ વખતે મને આવવામાં સમય લાગી ગયો. જ્યારે આટલો સમય તમારી વચ્ચે નીકળી ગયો છે તો મને પોતાને એવું લાગ્યા કરતું હતું કે મેં જાણે કઈંક ગુમાવી દીધું છે. એવું લાગી રહ્યું હતું કે તમને જોયા નથી, તમારાં દર્શન થયાં નથી. આજે જ્યારે આવ્યો તો મન એટલું પ્રફુલ્લિત થઈ ગયું. તમારાં દર્શન કર્યાં, મન એટલું ઊર્જાવાન બની ગયું. પરંતુ હું આ કોરોના કાળખંડમા પણ એક દિવસ પણ તમારાથી દૂર નહોતો. હું તમને જણાવું છું. કોરોનાના કેસ કઈ રીતે વધી રહ્યા છે, દવાખાનાની શું વ્યવસ્થા છે, સામાજિક સંસ્થાઓ કઈ રીતે કામ કરી રહી છે,કોઈ ગરીબ ભૂખ્યો તો નથી રહેતો ને. દરેક વાતમાં હું પ્રત્યક્ષ રીતે જોડાયેલ રહેતો હતો, સાથીઓ અને હું મા અન્નપૂર્ણાની આ ધરતી પર તમે જે સેવાભાવ સાથે કામ કર્યું છે, કોઈને ભૂખ્યા નથી રહેવા દીધા, કોઈને દવા વિનાના નથી રહેવા દીધા. એટલા માટે હું આ સેવાભાવ માટે, આ સંપૂર્ણ અને સમય ખૂબ લાંબો ચાર ચાર, છ-છ, આઠ-આઠ મહિના સુધી સતત આ કામને કરતાં રહેવું દેશના દરેક ખૂણામાં થયું છે, મારી કાશીમાં પણ થયું છે અને તેનો મારા મન પર એટલો આનંદ છે, હું આજે તમારા આ સેવા ભાવ માટે, તમારા આ સમર્પણ માટે હું આજે ફરી મા ગંગાના તટ પરથી  આપ સૌ કાશીવાસીઓને નમન કરું છું. તમારા સેવાભાવને પ્રણામ કરું છું અને તમે ગરીબમાં ગરીબની જે ચિંતા કરી છે તેણે મારા મનને સ્પર્શી લીધું છે. હું જેટલી તમારી સેવા કરું તેટલી ઓછી છે. હું તમને વિશ્વાસ અપાવું છું કે મારા તરફથી તમારી સેવામાં હું કોઈ ખોટ નહિ રહેવા દઉં.

**મા ગંગાની ધારા જે રીતે વહી રહી છે, અડચણો, સંકટો હોવા છતાં વહી રહી છે, સદીઓથી વહી રહી છે, વિકાસની ધારા પણ એ જ રીતે વહેતી રહેશે**


મારા માટે આજે ગૌરવનું પર્વ છે કે આજે મને આવા ઝગમગતા માહોલમાં તમારી વચ્ચે આવવાનો અવસર મળ્યો છે. કોરોનાને હરાવીને આપણે વિકાસના પથ પર ઝડપી ગતિએ આગળ વધીશું, મા ગંગાની ધારા જે રીતે વહી રહી છે, અડચણો, સંકટો હોવા છતાં વહી રહી છે, સદીઓથી વહી રહી છે, વિકાસની ધારા પણ એ જ રીતે વહેતી રહેશે. આ જ વિશ્વાસ લઈને હું પણ અહીંયાંથી હવે દિલ્હી જઈશ. હું ફરી એકવાર આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

જય કાશી! જય મા ભારતી!

હર હર મહાદેવ!



# મા નર્મદાના કિનારે સરદાર પટેલજીના સાંનિધ્યમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ બે અવસરોનો સમન્વય



નમસ્કાર.


ગુજરાતના રાજ્યપાલ શ્રીમાન આચાર્ય દેવવ્રતજી, લોકસભાના અધ્યક્ષ શ્રીમાન ઓમ બિરલાજી, સંસદીય કાર્યવાહીના મંત્રી શ્રી પ્રહ્લાદ જોષીજી, રાજ્યસભાના ઉપસભાપતિ શ્રી હરિવંશજી, સંસદીય કાર્યવાહીના રાજ્યકક્ષાના મંત્રી શ્રી અર્જુન મેઘવાલજી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીજી, દેશની અલગ-અલગ વિધાનસભાઓના પ્રિસાઈડીંગ અધિકારીગણ, અન્ય મહાનુભાવો, દેવીઓ અને સજ્જનો.

આજે મા નર્મદાના કિનારે સરદાર પટેલજીના સાંનિધ્યમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ બે અવસરોનો સમન્વય થઈ રહ્યો છે. બંધારણ દિન પ્રસંગે મારા તમામ ભારતીય સાથીઓને શુભેચ્છા પાઠવું છું. આપણે એ મહાન પુરુષો અને મહિલાઓ કે જે આપણું બંધારણ ઘડવામાં સંકળાયેલાં હતાં તે તમામને શ્રદ્ધાંજલિ પાઠવું છું. આજે બંધારણ દિવસ પણ છે અને બંધારણનું રક્ષણ કરવામાં મહત્ત્વની ભૂમિકા બજાવનારા આપ પ્રિસાઈડીંગ અધિકારીઓનું સંમેલન પણ છે. આ વર્ષ પ્રિસાઈડીંગ અધિકારીઓના સંમેલનનું શતાબ્દી વર્ષ પણ છે. મહત્ત્વની આ ઉપલબ્ધિ માટે આપ સૌને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું.

સાથીઓ, આજે ડો. રાજેન્દ્ર પ્રસાદ અને ડો. બાબાસાહેબ આંબેડકરથી માંડીને બંધારણ સભાના એ તમામ વ્યક્તિઓને નમન કરવાનો દિવસ છે કે જેમણે અથાગ પ્રયાસો વડે આપણા સૌ દેશવાસીઓને બંધારણ આપ્યું. આજનો દિવસ પૂજ્ય બાપુની પ્રેરણાને, સરદાર વલ્લભભાઈ પટેલની કટિબદ્ધતાને પ્રણામ કરવાનો દિવસ છે. આવા જ અનેક દૂરંદેશી ધરાવતા પ્રતિનિધિઓએ સ્વતંત્ર ભારતના નિર્માણનો માર્ગ નક્કી કર્યો હતો. દેશ એ પ્રયાસોને પણ યાદ રાખશે કે આ ઉદ્દેશ સાથે પાંચ વર્ષ પહેલાં ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હું સમગ્ર દેશને આપણા લોકતંત્રના આ મહત્ત્વના પર્વ માટે અભિનંદન પાઠવું છું.

## દેશ, મુંબઈ હુમલાના ઘા ભૂલી શકે તેમ નથી

સાથીઓ, આજની તારીખ દેશ ઉપર સૌથી મોટા આતંકી હુમલા સાથે જોડાયેલી રહી છે. વર્ષ ૨૦૦૮માં પાકિસ્તાનમાંથી આવેલા, પાકિસ્તાનથી મોકલાયેલા આતંકીઓએ મુંબઈ ઉપર હુમલો કર્યો હતો અને તે હુમલામાં અનેક લોકોનાં મોત થયાં હતાં. અનેક દેશના લોકો માર્યા ગયા હતા. મુંબઈ હુમલામાં માર્યા ગયેલા તમામ લોકોને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ હુમલામાં આપણા પોલીસ દળના અનેક બહાદુર જવાનો પણ શહીદ થયા હતા તેમને પણ હું નમન કરું છું. દેશ, મુંબઈ હુમલાના ઘા ભૂલી શકે તેમ નથી. હવે આજનું ભારત નવી-નવી પદ્ધતિ સાથે આતંકવાદનો મુકાબલો કરી રહ્યું છે. મુંબઈ હુમલા જેવાં કાવતરાંઓને નિષ્ફળ બનાવનારા આતંકને જડબાતોડ જવાબ દેનારા ભારતની રક્ષામાં દરેક ક્ષણે જોડાયેલા આપણાં સુરક્ષા દળોને પણ હું આજે વંદન કરું છું.



સાથીઓ, પ્રિસાઈડીંગ ઓફિસર તરીકે લોકશાહીમાં તમારી મહત્ત્વની ભૂમિકા છે. આપ સૌ પ્રિસાઈડીંગ ઓફિસરો કાયદાના નિર્માણ કરનાર તરીકે, બંધારણ અને દેશના સામાન્ય માનવીને જોડનારી ખૂબ મહત્ત્વની એક કડી સમાન છો. ધારાસભ્ય હોવાની સાથે-સાથે તમે ગૃહના અધ્યક્ષ પણ છો. આવી સ્થિતિમાં આપણા બંધારણના ત્રણેય મહત્ત્વપૂર્ણ અંગ- વિધાનસભા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકાની વચ્ચે બહેતર સમન્વય સ્થાપિત કરવામાં તમે ઘણી મહત્ત્વની ભૂમિકા અદા કરી શકો તેમ છો. તમે તમારા સંમેલનમાં આ વિષય અંગે ઘણી ચર્ચા પણ કરી છે. બંધારણના રક્ષણમાં ન્યાયપાલિકાની પોતાની ભૂમિકા હોય છે, પરંતુ સ્પીકર કાયદો ઘડનારી સંસ્થાનો ચહેરો હોય છે અને એટલા માટે એક રીતે સ્પીકર બંધારણના સુરક્ષા કવચના પ્રથમ સંરક્ષક પણ છે.

**૭૦ના દાયકામાં આપણે જોયું હતું કે કેવી રીતે અલગ કરવાની શક્તિની મર્યાદાનો ભંગ કરવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ તેનો જવાબ પણ દેશના બંધારણમાંથી પ્રાપ્ત થયો છે**

સાથીઓ, બંધારણનાં ત્રણેય અંગોની ભૂમિકાથી માંડીને મર્યાદા સુધી તમામ બાબતોનું બંધારણમાં જ વર્ણન કરવામાં આવ્યું છે. ૭૦ના દાયકામાં આપણે જોયું હતું કે કેવી રીતે અલગ કરવાની શક્તિની મર્યાદાનો ભંગ કરવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ તેનો જવાબ પણ દેશના બંધારણમાંથી પ્રાપ્ત થયો છે, પરંતુ કટોકટીના એ સમયખંડ પછી નિયંત્રણ અને સમતુલાની આ પદ્ધતિ મજબૂતમાં પણ મજબૂત બનતી રહી છે. વિધાનસભા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકા - આ ત્રણેય આ સમયગાળામાં ઘણું બધું શીખીને આગળ ધપ્યા છે અને આજે પણ એ શીખ એટલી જ પ્રાસંગિક છે. વીતેલાં ૬થી ૭ વર્ષોમાં વિધાયિકા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકાનો સમન્વય કરીને તેને બહેતર બનાવવાના પ્રયાસો થયા છે.

**કોરોનાના આ કાલખંડમાં આપણી ચૂંટણીપ્રક્રિયાની મજબૂતી પણ દુનિયાએ જોઈ છે**

સાથીઓ, કોરોનાના આ કાલખંડમાં આપણી ચૂંટણીપ્રક્રિયાની મજબૂતી પણ દુનિયાએ જોઈ છે. આટલા મોટા પાયે ચૂંટણીઓ યોજવી, સમયસર પરિણામો આપવાં, સારી રીતે નવી સરકારની રચના થવી, આ બધું એટલું આસાન ન હતું. આપણને આપણા બંધારણમાંથી જે તાકાત મળી છે, આવા દરેક મુશ્કેલ કાર્યોને આસાન બનાવે છે. આપણું બંધારણ ૨૧મી સદીમાં બદલાતા સમયના દરેક પડકારને પાર પાડવા માટે આપણને માર્ગદર્શન આપતું રહે, નવી પેઢી સાથે તેનું જોડાણ થાય તે બધી જવાબદારી આપણા માથે છે.

આવનારા સમયમાં બંધારણ ૭૫મા વર્ષ તરફ વધુ ગતિથી આગળ ધપી રહ્યું છે. એ રીતે આઝાદ ભારતને પણ ૭૫ વર્ષ પૂર્ણ થવાનાં છે એવી સ્થિતિમાં વ્યવસ્થાઓને સમય સાથે અનુકૂળ બનાવવા માટે મોટાં કદમ ઉઠાવવા માટે આપણે સંકલ્પ ભાવ સાથે કામ કરવું પડશે. એક રાષ્ટ્ર તરીકે, સેવામાં આવેલા દરેક સંકલ્પને સિધ્ધ કરવામાં વિધાનસભા, કાર્યપાલિકા અને ન્યાયપાલિકા - આ બધાં વચ્ચે બહેતર તાલમેલ સાથે કામ કરતાં રહેવાનું છે. આપણા દરેક નિર્ણયનો આધાર એક જ ત્રાજવાથી તોલવાનો હોવો જોઈએ. એક જ માપદંડ રહેવો જોઈએ અને એ માપદંડ છે - રાષ્ટ્રહિત. રાષ્ટ્રહિત એ જ આપણું ત્રાજવું હોવું જોઈએ.

આપણે એ યાદ રાખવાનું રહે છે કે વિચારોમાં દેશહિત અને લોકહિત નહીં, પણ તેને બદલે રાજનીતિ આક્રમક બની જાય છે અને તેનું નુકસાન દેશે ભોગવવું પડે છે. જ્યારે દરેકે દરેક વ્યક્તિ અલગ-અલગ પ્રકારે વિચારતો હોય ત્યારે કેવું પરિણામ આવે છે તેના તમે સાક્ષી છો. આપ સૌ અહીંયા બે દિવસથી બિરાજમાન છો. સરદાર સરોવર બંધ પણ તેનું એક ખૂબ મોટું ઉદાહરણ છે.

**કોઈ માર્ગ કાઢવાનો હતો, પરંતુ જ્યારે રાજસ્થાનને પાણી પહોંચાડવામાં આવ્યું ત્યારે ભૈરવસિંહજી શેખાવત અને જસવંતસિંહજી મને ખાસ ગાંધીનગર મળવા માટે આવવા માંગતા હતા**

સાથીઓ, કેવડિયાના પ્રવાસ દરમિયાન તમે સૌએ સરદાર સરોવર બંધની વિશાળતા જોઈ છે, ભવ્યતા જોઈ છે. તેની શક્તિ જોઈ છે, પરંતુ આ બંધનું કામ વર્ષો સુધી અટકેલું પડ્યુ હતું, અટવાઈ ગયું હતું. આઝાદીના થોડાં વર્ષો પછી શરૂ થયું હતું અને આઝાદીનાં ૭૫ વર્ષ જ્યારે સામે આવી રહ્યાં છે ત્યારે તેના થોડાંક વર્ષ પહેલાં જ પૂરું થયું છે. કેવા કેવા અવરોધો આવ્યા હતા, કેવા કેવા લોકોએ અવરોધો ઊભા કર્યા હતા, કેવી રીતે બંધારણનો દુરુપયોગ કરવાનો પ્રયાસ થયો હતો અને આટલો મોટો પ્રોજેક્ટ, જનહિતનો પ્રોજેકટ આટલાં વર્ષો સુધી લટકતો રહ્યો



હતો. આજે આ બંધનો લાભ ગુજરાતની સાથે-સાથે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના લોકોને પણ મળી રહ્યો છે. આ બંધના કારણે ગુજરાતની ૧૦ લાખ હેક્ટર જમીનને અને રાજસ્થાનની અઢી લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાતના ૯ હજારથી વધુ ગામ અને રાજસ્થાન અને ગુજરાતનાં અને નાનાં મોટાં શહેરોમાં ઘર વપરાશના પાણીનો પુરવઠો પણ આ સરદાર સરોવર બંધને કારણે પ્રાપ્ત થઈ શક્યો છે.

અને જ્યારે પાણીની વાત આવે છે ત્યારે મને એક પ્રસંગ યાદ આવી રહ્યો છે. જ્યારે નર્મદાનાં પાણી અનેક વિવાદોમાં અટવાયેલાં હતાં, અનેક સંકટોમાંથી પસાર થઈ રહ્યાં હતાં, હકીકતમાં કોઈ માર્ગ કાઢવાનો હતો, પરંતુ જ્યારે રાજસ્થાનને પાણી પહોંચાડવામાં આવ્યું ત્યારે ભૈરવસિંહજી શેખાવત અને જસવંતસિંહજી મને ખાસ ગાંધીનગર મળવા માટે આવવા માંગતા હતા. મેં પૂછ્યું કે શું કામ છે, તેમણે કહ્યું કે આવીને જણાવીશું. તે આવ્યા અને મને તેમણે એટલાં અભિનંદન આપ્યાં, એટલા આશીર્વાદ આપ્યા ત્યારે મેં પૂછ્યું કે આટલો પ્રેમ અને આટલી ભાવના કેમ. તો તેમણે કહ્યું કે ઇતિહાસ સાક્ષી છે કે પાણીના એક એક ટીપા માટે યુદ્ધ થયા છે. લડાઈઓ થઈ છે. બે-બે પરિવાર વચ્ચે ભાગલા પડ્યા છે. કોઈપણ સંઘર્ષ વગર, કોઈ ઝઘડા વગર ગુજરાતથી નર્મદાનાં પાણી રાજસ્થાન પહોંચી ગયાં છે. રાજસ્થાનની સૂકી ધરતીને તમે પાણી પહોંચાડ્યું છે તે અમારા માટે ખૂબ જ ગર્વ અને આનંદનો વિષય છે અને એટલા માટે અમે તમને મળવા આવ્યા છીએ. જુઓ, આ કામ અગાઉ પણ થઈ શક્યું હોત. આ બંધના કારણે જે વીજળી પેદા થઈ રહી છે, તેનો અધિક લાભ મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રને થઈ રહ્યો છે.

**આટલું મોટું રાષ્ટ્રને નુકસાન થયું, બંધનો ખર્ચ ક્યાંથી ક્યાં સુધી પહોંચી ગયો અને જે લોકો આ માટે જવાબદાર હતા તેમના ચહેરા પર કોઈ રેખા પણ ફરકી નથી. આપણે દેશને આવી પ્રવૃત્તિમાંથી બહાર કાઢવાનો છે**

સાથીઓ, આ બધું વર્ષો પહેલાં પણ થઈ શકતું હતું. લોકકલ્યાણની વિચારધારા સાથે, વિકાસને સૌથી વધુ અગ્રતા દાખવવાના અભિગમ સાથે આ લાભ અગાઉ પણ મળી શક્યો હોત, પરંતુ વર્ષો સુધી જનતાએ વંચિત રહેવું પડ્યું હતું. અને તમે જુઓ કે જે લોકોએ આવું કર્યું છે તેમને કોઈ પસ્તાવો પણ થતો નથી. આટલું મોટું રાષ્ટ્રને નુકસાન થયું, બંધનો ખર્ચ ક્યાંથી ક્યાં સુધી પહોંચી ગયો અને જે લોકો આ માટે જવાબદાર હતા તેમના ચહેરા પર કોઈ રેખા પણ ફરકી નથી. આપણે દેશને આવી પ્રવૃત્તિમાંથી બહાર કાઢવાનો છે.


## દેશ કરતાં કશું મોટું હોતું નથી

સાથીઓ, સરદાર પટેલજીની આટલી વિશાળ પ્રતિમા સામે જઈને, દર્શન કરીને તમે લોકોએ પણ નવી ઊર્જાનો અનુભવ કર્યો હશે, તમને પણ એક નવી પ્રેરણા પ્રાપ્ત થઈ હશે. દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી દરેક ભારતીયનું ગૌરવ વધારતી રહે છે અને જ્યારે સરદાર પટેલની પ્રતિમાનું નિર્માણ થયું છે, તે જનસંઘના સભ્ય નહોતા, ભાજપના સભ્ય ન હતા. કોઈ રાજકીય આભડછેટ રાખવામાં આવી નથી. જે રીતે ગૃહમાં એકસમાન ભાવનાની આવશ્યકતા હોય છે તે જ રીતે દેશમાં પણ સમાન ભાવની આવશ્યકતા રહે છે. સરદાર સાહેબનું આ સ્મારક તેનું જીવતું જાગતું સાક્ષી છે કે અહીંયાં કોઈ રાજકીય આભડછેટ નથી. દેશ કરતાં કશું મોટું હોતું નથી. દેશના ગૌરવ કરતાં કશું મોટું હોતું નથી.

તમે કલ્પના કરી શકો છો કે વર્ષ ૨૦૧૮માં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવામાં આવ્યા પછી આશરે ૪૬ લાખ લોકો અહીંયાં સરદાર સાહેબની પ્રતિમાને નમન કરવા માટે આવ્યા છે. કોરોનાના કારણે ૭ મહિના સુધી પ્રતિમાનાં દર્શન બંધ ના રહ્યાં હોત તો આ આંક ઘણો મોટો હોત. મા નર્મદાના આશીર્વાદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, આ સમગ્ર કેવડિયા શહેર ભારતના સૌથી ભવ્ય શહેરોમાં સમાવેશ પામવા માટે ઝડપથી આગળ વધી રહ્યું છે. માત્ર થોડાંક વર્ષોમાં અને જ્યારે શ્રીમાન ગવર્નર આચાર્યજીએ તેનું વર્ણન કર્યું છે તે મુજબ થોડાંક જ વર્ષોમાં આ સ્થળનો કાયાકલ્પ થઈ રહ્યો છે. જ્યારે વિકાસને સર્વોપરી રાખીને, કર્તવ્યભાવનાને સર્વોપરી ગણીને કામ થાય છે ત્યારે તેનાં પરિણામ પણ મળી રહે છે.

## માત્ર થોડી રાખ ખસેડવાની જરૂર છે અને એવું થાય તો તે એકદમ પ્રજ્વલિત થાય છે

તમે જોયું હશે કે વર્તમાન દિવસોમાં તમારે અનેક ગાઈડને મળવાનું થયું હશે, વ્યવસ્થા સાથે સંકળાયેલા અનેક લોકોને મળવાનું થયું હશે. આ તમામ નવયુવાન દીકરા-દીકરીઓ આ વિસ્તારના જ છે. આદિવાસી પરિવારોની દીકરીઓ છે અને તમને જ્યારે બતાવતી હશે ત્યારે



ખૂબ જ સ્પષ્ટ શબ્દોનો ઉપયોગ કરતી હશે. તમે જોયું હશે કે આપણા દેશમાં આ તાકાત પડેલી છે. આપણાં ગામડાંઓની અંદર પણ આ તાકાત પડેલી છે, માત્ર થોડી રાખ ખસેડવાની જરૂર છે અને એવું થાય તો તે એકદમ પ્રજ્વલ્લિત થાય છે. તમે જોયું હશે કે મિત્રો, વિકાસનાં આ કાર્યોના કારણે અહીંના આદિવાસી ભાઈ-બહેનોમાં પણ નવો આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો છે.

**વન નેશન વન ઈલેક્શન એ માત્ર ચર્ચાનો જ વિષય નથી, પણ ભારતની જરૂરિયાત છે**

સાથીઓ, વધુ એક વિષય છે કે જે આજે પણ એટલો જ મહત્ત્વનો છે. વન નેશન વન ઈલેક્શન એ માત્ર ચર્ચાનો જ વિષય નથી, પણ ભારતની જરૂરિયાત છે. દર થોડા મહિના પછી ભારતમાં ક્યાંક ને ક્યાંક ચૂંટણીઓ યોજાતી રહે છે, જેની વિકાસનાં કામો ઉપર પણ અસર પડે છે. આ બધું તમે સારી રીતે જાણો છો. આવી સ્થિતિમાં વન નેશન, વન ઈલેક્શન ઉપર ઘનિષ્ઠ અભ્યાસ અને વિચારણા જરૂરી બની રહે છે અને તેમાં પ્રિસાઈડીંગ ઓફિસર ખૂબ જ માર્ગદર્શન આપી શકે તેમ છે, ગાઈડ કરી શકે તેમ છે, નેતૃત્વ આપી શકે તેમ છે. તેની સાથે સાથે લોકસભા હોય, વિધાનસભા હોય કે પછી પંચાયતની ચૂંટણીઓ હોય, તેના માટે એક જ મતદાર યાદી કામમાં આવી શકે છે. આવો, આપણે તેના માટે સૌથી પહેલાં રસ્તો શોધવાનો રહેશે. આજે દરેક માટે અલગ અલગ મતદાર યાદીઓ છે. આપણે શા માટે ખર્ચ કરી રહ્યા છીએ, શા માટે સમય બરબાદ કરી રહ્યા છીએ. હવે દરેક માટે ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે મતદાન આપવાનો અધિકાર નક્કી છે. પહેલાં તો ઉંમરમાં ફર્ક રહેતો હતો અને એટલા માટે થોડી અલગ સ્થિત રહેતી હતી. હવે તેની કોઈ જરૂરિયાત રહેતી નથી.

**હવે સંપૂર્ણ ડિજિટલીકરણ કરવાનો સમય આવી ચૂક્યો છે**

સાથીઓ, ડિજિટાઈઝેશન બાબતે સંસદથી માંડીને કેટલીક વિધાન-સભાઓમાં પણ કેટલાક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ હવે સંપૂર્ણ ડિજિટલીકરણ કરવાનો સમય આવી ચૂક્યો છે. જો આપ પ્રિસાઈડીંગ અધિકારીઓ તેની સાથે જોડાયેલા પ્રયાસો હાથ ધરશો તો મને વિશ્વાસ છે કે આપણા ધારાસભ્યો, સંસદસભ્યો પણ ઝડપથી આ ટેક્નોલોજીને અપનાવી લેશે. શું આઝાદીનાં ૭૫ વર્ષને ધ્યાનમાં લઈને તમે આ સાથે જોડાયેલા લક્ષ્યને નક્કી કરી શકો છો? કોઈ લક્ષ્યાંક નક્કી કરીને અહીંથી જઈ શકો તેમ છો?

સાથીઓ, આજે દેશનાં તમામ વિધાનગૃહોના ડેટાનું આદાન-પ્રદાન કરવાની દિશામાં પણ આગળ ધપવું જરૂરી બની રહે છે, કારણ કે દેશમાં એક મધ્યસ્થ ડેટાબેઝ હોવો જોઈએ. તમામ ગૃહોના કામકાજનું એક રિયલ ટાઈમ વિવરણ સામાન્ય નાગરિકને ઉપલબ્ધ થાય અને દેશનાં તમામ ગૃહોને પણ ઉપલબ્ધ થવું જોઈએ. આના માટે "નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન" તરીકે એક આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ અગાઉથી જ વિકસાવવામાં આવ્યું છે. મારો આપ સૌને એ આગ્રહ રહેશે કે આ પ્રોજેક્ટને જલ્દીમાં જલદી અપનાવે. આપણે હવે આપણી કાર્યપદ્ધતિમાં વધુ ને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પેપરલેસ પદ્ધતિઓ ઉપર ભાર મૂકવાનો છે.

**ભારતના દરેક ગામનો ખેડૂત સરદારસાહેબની પ્રતિમા સાથે જોડાયેલો છે**

ફરી એક વખત આ કાર્યક્રમમાં મને આમંત્રણ આપવા બદલ હું અધ્યક્ષ મહોદયનો ખૂબ-ખૂબ આભાર માનું છું. મેં અમસ્તા જ સૂચન કર્યાં છે, પરંતુ અધ્યક્ષ સાહેબે કેવડીયામાં આ કાર્યક્રમનું આયોજન કર્યું, ગુજરાતના લોકોની મહેમાનગતિ તો ખૂબ જ સારી હોય છે. એક રીતે કહીએ તો આપણાં દેશના દરેક ખૂણામાં એ સ્વભાવ રહેલો છે કે એમાં કોઈ ઊણપ આવતી નથી. મનેપૂરો વિશ્વાસ છે, પરંતુ તેને જોયા પછી બની શકે કે તમારા મનમાં ઘણાં નવા સારા વિચારો આવ્યા હશે. જો ત્યાંના વિચાર અહીં પહોંચાડશો તો વિકાસમાં તેનો જરૂર લાભ થશે, કારણ કે એક સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવપૂર્ણ એક જગા બની છે અને તેમાં આપ સૌનું યોગદાન છે, અને તેના મૂળમાં તમને યાદ હશે કે ભારતના દરેક ગામના ખેડૂતો ખેતરમાં જે ઓજારનો ઉપયોગ કરતા હતા એવાં જૂનાં ઓજાર એકઠાં કરવામાં આવ્યાં હતાં. ભારતનાં ૬ લાખ ગામડાંઓમાંથી ઓજાર એકઠાં કરવામાં આવ્યાં હતાં અને તેને અહીંયાં ઓગાળીને આ પ્રતિમા બનાવવા માટે ખેડૂતોએ ખેતીમાં ઉપયોગ કરતા હોય તેવા ઓજારમાં લોખંડ કાઢીને તેમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, એટલે કે એક રીતે કહીએ તો તેની સાથે ભારતના દરેક ગામનો ખેડૂત તેની સાથે જોડાયેલો છે.

સાથીઓ, નર્મદાજી અને સરદાર સાહેબના સાનિધ્યમાં આ પ્રવાસ તમને પ્રેરણા આપતો રહેશે તેવી શુભેચ્છા સાથે આપ સૌને મારા તરફથી ખૂબ-ખૂબ આભાર !! ખૂબ-ખૂબ ધન્યવાદ !!



## કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની દ્વિ-દિવસીય પરિષદ




# આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી સૌથી ઊંચી પ્રતિમા - રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં યોજાઈ ગયેલી બે દિવસીય ૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદનો રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે પ્રારંભ કરાવ્યો હતો. લોકકલ્યાણના શુભાશયથી દેશનું સંચાલન કરતા ત્રણ મુખ્ય બંધારણીય આધારસ્તંભો સંસદ, ન્યાયતંત્ર અને પ્રશાસન બાબતે સમુદ્રમંથન કરવાનો કેવડિયા ખાતે પ્રારંભ થયો હતો. આ પરિષદમાં તમામ રાજયોના વિધાનસભા-વિધાનપરિષદના અધ્યક્ષો અને અધિકારીઓએ ભાગ લીધો.

**વિશ્વના અનેક દેશોમાં લોકશાહી સામે પ્રશ્નાર્થ છે, ત્યારે ભારતની લોકશાહી મજબૂત અને અખંડ**

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ જણાવ્યું હતું કે, વિશ્વના અનેક દેશોમાં લોકશાહી સામે સવાલો ઊઠી રહ્યા છે, ત્યારે ભારતની લોકશાહી અખંડ અને મજબૂત છે. ભારત એ લોકશાહીનું જનક છે.


સરદાર સાહેબની પ્રતિમાના સાંનિધ્યમાં આજનો દિવસ ગૌરવપૂર્ણ છે. સરદાર સાહેબની પ્રતિમાને statue of unityનો દરજ્જો ઉચિત છે. આ આપણા માટે પ્રસન્નતા અને ગૌરવની ઘટના છે, કારણ આપણે સૌ સરદારની સૌથી ઊંચી પ્રતિમાના સાંનિધ્યમાં છીએ. એક સમયે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી હતું અને આજે સ્ટેચ્યુ ઑફ યુનિટી સૌથી ઊંચી પ્રતિમા છે.



આજે દેવઉઠી એકાદશી છે, આ દૈવી સંયોગ છે કે, આજથી માંગલિક કાર્યો શરૂ થયાં છે. આ કાર્ય પણ. આ ઐતિહાસિક કાર્યક્રમમાં સંમિલિત થવાની મને ખુશી છે.

સંવિધાન દિવસનું આપણા માટે વિશેષ મહત્ત્વ છે. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ રહ્યા, જે સરદારના મોટાભાઈ અને ગુજરાતના હતા. શ્રી ગણેશ વાસુદેવ માવલંકર લોકસભાના પહેલા સ્પીકર બન્યા. યોગાનુયોગ તેઓ પણ ગુજરાતમાં જન્મ્યા હતા. ભારતમાં લોકતંત્રના પાયા મજબૂત છે. આપના પ્રાચીન ગ્રંથોમાં ગણતંત્રનો ઉલ્લેખ છે. બિહારના પ્રાચીન ગણરાજ્ય વૈશાલી કપિલવસ્તુનો ઉલ્લેખ છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં લોકોની અપેક્ષા લોકપ્રતિનિધિઓ પાસેથી વધી છે. માધ્યમોના આ ગતિશીલ યુગમાં સંસદ, વિધાનસભાની કામગીરીનું જીવંત પ્રસારણ કરાય છે. આવા સમયમાં જનપ્રતિનિધિઓ સંસદીય પ્રણાલિકાનું



પાલન કરે તેવું પ્રજા ઇચ્છે છે. આ વ્યવસ્થામાં વાદને વિવાદ ન બનાવતાં સંવાદથી સમાધાન કરે. શિષ્ટ સંવાદથી લોક-સમસ્યાનું નિરાકરણ લાવી કામ કરે.નિષ્પક્ષ કામગીરી અતિ આવશ્યક છે.

એક ગોવાળનું ઉદાહરણ આપી નિષ્પક્ષ ન્યાયની અને કામગીરીની ચર્ચા કરી તેમણે રાજા વિક્રમાદિત્યના ઉદાહરણથી સૌ નિષ્પક્ષતાથી વર્તન કરે તેમ જણાવ્યું હતું. તેમણે નિષ્પક્ષ અને નિર્ણાયક કાર્ય કરવા ઉપર ભાર મૂક્યો. સશક્ત લોકતંત્ર આ સંમેલનનો ઉદ્દેશ હોવો જોઈએ. ગરીબ, દલિત, પીડિત માટે કાર્ય થાય. તેમણે કહ્યું કે, આ માટે ઘોષણાપત્ર રજૂ થાય તે જરૂરી છે.

**જવાબદારી, સહકાર, સંકલન અને વિશ્વસનીયતા સંસદીય પ્રણાલિકાનો આત્મા - ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈય્યા નાયડુ**

પરિષદમાં ભાગ લેવા પરત્વે વિશેષ ખુશીની અનુભૂતિ વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીને ઉત્તમ અને પ્રેરણાદાયી સ્થળ ગણાવ્યું હતું. ડીબેટ, ડિસ્કસ અને ડિસિઝન ઉપર ધ્યાન આપીએ તેમ કહેતાં તેમણે ઉમેર્યું કે, બંધારણના આ પાસાનું કામ નિયત કરવામાં આવ્યું હોઈ, તેને અસરકારક ઢબે અમલમાં લાવીએ. આપણા ધર્મનું પૂરી જવાબદારીથી નિર્વહન કરીએ.

**લોકતંત્રમાં મતમતાંતર હોઈ શકે, તેમાં સુધારણા લાવી, તે અંગે વિચાર કરી તેમાં સર્વસંમતિ સાધવાનો આપણો પ્રયાસ હોવો જોઈએ - લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા**

ભારતના બંધારણની રચનામાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણા રહેલી છે. ૭૧મા બંધારણીય દિવસની

## કેવડિયા ક્ષેત્રમાં પ્રવાસન સુવિધાનો ખૂબ ઝડપી વિકાસ જોઈને સુખદ આનંદ અનુભવું છું - રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ



રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ક્ષેત્રમાં પ્રવાસન સુવિધાના ખૂબ ઝડપી વિકાસ માટે સુખદ આનંદની લાગણી વ્યક્ત કરી છે. અતિ વિરાટ સરદાર પ્રતિમાના ચરણે જળ અભિષેક કરતાં તેમણે મહામાનવ સરદાર સાહેબના ચરણે પુષ્પવર્ષા કરીને આદર સાથે ભાવાંજલિ આપી હતી. ગુજરાતના રાજ્યપાલ માનનીય આચાર્ય દેવવ્રત તેમજ રાજ્યના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમની સાથે સરદાર પ્રતિમાની ચરણવંદનામાં જોડાયાં હતાં.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતથી અભિભૂત થયેલા મહામહિમ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે પોતાનાં પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, સ્વતંત્ર ભારતની એકતા અને અખંડતાના સૂત્રધાર સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનાં બીજીવાર દર્શન કરી અને તેમનાં ચરણોમાં પુષ્પ અર્પણ કરીને હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. આ જોઈને સુઃખદ આશ્ચર્ય થયું કે, આ ક્ષેત્રમાં પ્રવાસન સંબંધિત વિકાસકાર્ય ઘણા જ ટૂંક સમયમાં જ પૂર્ણ કરાયું છે.

પૂર્વસંધ્યાએ સરદારની પ્રતિમાના સાંનિધ્યમાં અહીં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આપણા સહુનું આ સમારોહમાં એકત્રિત થવું તે આનંદનો વિષય છે.


આ પ્રસંગે લોકસભા અધ્યક્ષશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કર્યો અને જણાવ્યું કે તેમણે જ અમને આ સ્થળે આ કોન્ફરન્સ યોજવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીનું ઉદ્‌બોધન**

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કોન્ફરન્સમાં ઉપસ્થિત સૌ પદાધિકારીઓનું પાવન ધરતી પર સ્વાગત કરતાં કહ્યું કે, આ પરિષદ ગુજરાતમાં યોજાઈ રહી છે તે સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ છે. કેમ કે આવી પરિષદ રાજ્યમાં સૌ પ્રથમ વાર યોજાઈ રહી છે, અને એમાં પણ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી, ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈય્યા નાયડુ, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ આ કોન્ફરન્સનું ગૌરવ વધારી રહી છે.

મા નર્મદાની ગોદમાં લોહપુરુષ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" ખાતે યોજાઈ રહેલ આ કોન્ફરન્સ સરદાર સાહેબના અખંડ ભારતના એકતાના પ્રતીક સમી બની રહેશે. ગુજરાતના સપૂત સરદાર સાહેબના "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ના નિર્માણનો સંકલ્પ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો, એ તેમણે પૂર્ણ કરી દેશની એકતાને જોડવા માટેનો અપ્રતિમ પ્રયાસ કર્યો તે વિશ્વમાં ગુંજતો થયો છે. કેવડિયા ખાતે "સ્ટેચ્યુ





## સ્વરાજ્યને સુરાજ્યમાં પરિવર્તિત કરીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાના પ્રેરણાસ્રોત બે ગુજરાતી સપૂતો, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ છે, જેનું આપણને ગૌરવ છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકશાહીના જતન અને સંવર્ધન માટે મુખ્ય ત્રણ બંધારણીય આધારશિલા સંસદ, પ્રશાસન અને ન્યાયતંત્ર લોકહિતમાં સક્રિય રીતે કાર્યરત હોવાનું જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આ વર્ષ આ પરિષદનું શતાબ્દી વર્ષ છે. તેથી આ પરિષદનું મહત્ત્વ હજી વધારે છે. આ પરિષદમાં આપ સૌ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા વિચારો અને બીજ આપણી પ્રણાલીને મજબૂત બનાવવામાં ઉપયોગી થશે. લોકશાહી અધિકારના આનંદ સાથે અમે ફરજપાલનના માર્ગ પર પણ આગળ વધીશું. લોકશાહીનું પ્રતિબિંબ જ્યાં ઝિલાય છે એવા ભારતીય બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરનું પુણ્યસ્મરણ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના બે વ્યક્તિઓએ બંધારણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે, જેના આધારે આજે આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે સ્થાપિત થયા છીએ.મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે ગુલામીના સમયગાળાથી દેશને મુક્ત કરવા, સ્વરાજ હાંસલ કરવાની ચળવળમાં દેશનું નેતૃત્વ કર્યું હતું.

ભારતીય વિદ્યાભવનના સ્થાપકો અને સાહિત્યકારો કનૈયાલાલ મુનશી અને હંસાબેન જીવરાજ મહેતાએ બંધારણ સભાના સભ્યો તરીકે મૂલ્યવાન યોગદાન આપ્યું છે. આઝાદી પૂર્વે ભારતની પહેલી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ અને સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાના પ્રમુખ શ્રી ગણેશ માવલંકર ગુજરાતના હતા. સ્વરાજના આર્કિટેક્ટ એવા બે ગુજરાતીઓ સાથે, સંસદીય વ્યવસ્થાને મજબૂત કરવા ગૃહના પ્રથમ ડિરેક્ટર પણ બે ગુજરાતી રહી ચૂક્યા છે. આપણા બંધારણમાં સાર્વભૌમત્વ અને સંયુક્ત રાષ્ટ્રની કલ્પના સાકાર કરવા માટે સરદાર સાહેબે ૫૬૫ દેશી રજવાડાંઓને ભારતીય સંઘમાં એકીકૃત કરીને વિશેષ ફાળો આપ્યો છે. એટલા માટે આજે કચ્છથી કટક અને દ્વારકાથી દિબ્રૂગઢ સુધી ભારત માતા એક અને અખંડ છે. હવે, સ્વરાજ્યને સુરાજ્યમાં પરિવર્તિત કરીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાના પ્રેરણાસ્રોત પણ બે ગુજરાતી સપૂતો, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ છે, જેનું અમને ગૌરવ છે.


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૫થી સમગ્ર દેશમાં ૨૬ નવેમ્બરને બંધારણ દિન તરીકે મનાવવાની શરૂઆત થઈ છે, એ બાબતનો મુખ્યમંત્રીશ્રીએ વિશેષ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, મા ભારતીને વિશ્વના સર્વોચ્ચ સ્થાને સ્થાપિત કરવાના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા સૌ પોતાનું યોગદાન આપે. તેમણે ગુજરાતની પવિત્ર ભૂમિનો ચિતાર આપતાં કહ્યું કે, ભગવાન શ્રી કૃષ્ણનું ધામ દ્વારકા, દ્વાદશ જ્યોતિર્લિંગમાંથી પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ, ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો, કચ્છનું વિશાળ રણ, એશિયન સિંહ, ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ, ચાંપાનેર અને વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવ જેવી પર્યટન વિવિધતા છે. તેવી જ રીતે મેન્યુફેક્ચરિંગ હબ, ઉદ્યોગો અને હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા સી-પ્લેનની સેવાઓ સાથે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

ઓફ યુનિટી''ના પ્રોજેક્ટ અંતર્ગત પ્રવાસનને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરાયું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ''સૌનો સાથ-સૌનો વિકાસ''ના મંત્રને મૂર્તિમંત કરવા માટે ગુજરાતનું વિકાસ મોડેલ આજે દેશનું રોલ મોડેલ પુરવાર થયું છે.

તેમણે ઉમેર્યું કે, સમૃદ્ધ લોકશાહીના જતન અને સંવર્ધન માટે કેવડિયા ખાતે યોજાઈ રહેલી આ પરિષદમાં વિવિધ રાજ્યોના અધ્યક્ષશ્રીઓ અને ઉપાધ્યક્ષશ્રીઓ દ્વારા હાથ ધરાયેલ નવીન આયામોના આદાન-પ્રદાન થકી સમૃદ્ધ લોકશાહીના જતન માટે નવી આશાનું કિરણ લાવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

●





# મસ્તિષ્કનો વૈજ્ઞાનિક વિકાસ થાય અને હૃદયમાં ભારતીય ભાવનાઓ પણ હોય, ત્યારે એક યુવાન દેશનો વધુ એક સારો નાગરિક બની શકે છે

**કોરોના અને ક્વોરન્ટાઈનના આ સમયમાં વેદાન્ત કેવી રીતે મદદ કરી શકે છે?**

મારા પ્રિય દેશવાસીઓ, ભારતની સંસ્કૃતિ અને શાસ્ત્ર હંમેશાથી આખી દુનિયામાં આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે. કેટલાય લોકો તો તેની શોધમાં ભારત આવ્યા અને હંમેશા માટે અહીંયાંના જ થઈને રહી ગયા, તો કેટલાય લોકો પરત પોતાના દેશ જઈને, આ સંસ્કૃતિના વાહક બની ગયા. મને "Jonas Masetti"ના કામ વિશે જાણવાનો મોકો મળ્યો, જેને વિશ્વનાથના નામથી પણ જાણવામાં આવે છે. જોનસ બ્રાઝિલમાં લોકોને વેદાંત અને ગીતા શીખવાડે છે. તેઓ વિશ્વવિદ્યા નામની એક સંસ્થા ચલાવે છે, જે રિયો-ડિ-જાનેરોથી કલાકના અંતરે પેટ્રોપોલીસના પહાડોમાં આવેલી છે. જોનસે મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા પછી સ્ટોક માર્કેટમાં પોતાની કંપનીમાં કામ કર્યું, પછી તેમનું વલણ ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને વેદાન્ત તરફ થઈ ગયું. સ્ટોકથી લઈને સ્પિરિચ્યુઆલિટી સુધી, ખરેખર તો તેમની એક લાંબી યાત્રા છે. જોનસે ભારતમાં વેદાન્ત દર્શનનો અભ્યાસ કર્યો અને ૪ વર્ષ સુધી તેઓ કોઈમ્બતૂરના આર્ષ વિદ્યા ગુરુકુલમમાં રહ્યા છે. જોનસમાં વધુ એક ખાસિયત છે કે તેઓ પોતાના મેસેજને આગળ પહોંચાડવા માટે ટેક્નોલોજીનો પ્રયોગ કરી રહ્યા છે. તેઓ નિયમિત રીતે ઓનલાઈન પ્રોગ્રામ્સ કરે છે. તેઓ રોજ પોડકાસ્ટ કરે છે. પાછલાં ૭ વર્ષોમાં જોનસે વેદાન્ત પર પોતાના Free Open Coursesના માધ્યમથી દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. જોનસ ન માત્ર એક મોટું કામ કરે છે પરંતુ તેને એક એવી ભાષામાં કરી રહ્યા છે, જેને સમજનારાઓની સંખ્યા પણ ઘણી વધારે છે. લોકોને તેને લઈને ઘણી રુચિ છે કે કોરોના અને ક્વોરન્ટાઈનના આ સમયમાં વેદાન્ત કેવી રીતે મદદ કરી શકે છે? મન કી બાતના માધ્યમથી હું જોનસને તેમના પ્રયાસો માટે અભિનંદન આપું છું અને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ પાઠવું છું.

**ન્યૂઝીલેન્ડમાં ત્યાંના નવનિયુક્ત એમ.પી. ડો. ગૌરવ શર્માએ વિશ્વની પ્રાચીન ભાષાઓમાંની એક સંસ્કૃત ભાષામાં શપથ લીધા**

સાથીઓ, આવી રીતે હમણાં એક ખબર પર તમારું ધ્યાન જરૂર ગયું હશે. ન્યૂઝીલેન્ડમાં ત્યાંના નવનિયુક્ત એમ. પી. ડૉ. ગૌરવ શર્માએ વિશ્વની પ્રાચીન ભાષાઓમાંની એક સંસ્કૃત ભાષામાં શપથ લીધા છે. એક ભારતીય તરીકે, ભારતીય સંસ્કૃતિનો આ પ્રસાર આપણને બધાને ગર્વથી ભરી દે છે. મન કી બાતના માધ્યમથી હું ગૌરવ શર્માજીને શુભેચ્છાઓ આપું છું. આપણા બધાની શુભેચ્છા છે કે તેઓ ન્યૂઝીલેન્ડના લોકોની સેવામાં નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરે.

**સેવક કો સેવા બન આઈ, એટલે કે સેવકનું કામ સેવા કરવાનું**

મારા પ્રિય દેશવાસીઓ, કાલે ૩૦ નવેમ્બરે આપણે શ્રી ગુરુ નાનક દેવજીનું ૫૫૧મું પ્રકાશપર્વ મનાવીશું. આખી દુનિયામાં ગુરુ નાનક દેવજીનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

Vancouver Úke Wellington



સુધી, Singaporeથી South Africa સુધી તેમના સંદેશ દરેક જગ્યાએ સાંભળવા મળે છે. ગુરુગ્રંથ સાહિબમાં કહેવામાં આવ્યું છે – સેવક કો સેવા બન આઈ, એટલે કે સેવકનું કામ સેવા કરવાનું છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં કેટલાય મહત્ત્વના તબક્કાઓ આવ્યા અને એક સેવક તરીકે આપણને ઘણું બધું કરવાની તક પ્રાપ્ત થઈ. ગુરુ સાહિબે આપણી પાસેથી સેવા લીધી. ગુરુ નાનક દેવજીનું ૫૫૦મું પ્રકાશપર્વ, શ્રી ગુરુ ગોવિંદસિંહજીનું ૩૫૦મું પ્રકાશપર્વ, આવતા વર્ષે શ્રી ગુરુ તેગ બહાદુરજીનું ૪૦૦મું પ્રકાશપર્વ પણ છે. મને અનુભવાય છે કે ગુરુ સાહેબની મારા પર વિશેષ કૃપા રહી કે તેમણે મને તેમનાં કાર્યોમાં બહુ નજીકથી જોડ્યો.

**લખપત ગુરુદ્વારા સંરક્ષણના પ્રયાસોને ૨૦૦૪માં UNESCO Asia Pacific Heritage Awardમાં Award of Distinction આપવામાં આવ્યો**

સાથીઓ, શું તમે જાણો છો કે કચ્છમાં એક ગુરુદ્વારા છે, લખપત ગુરુદ્વારા સાહિબ. શ્રી ગુરુ નાનકજી પોતાના ઉદાસી દરમિયાન લખપત ગુરુદ્વારા સાહિબમાં રોકાયા હતા. ૨૦૦૧માં ભૂકંપથી આ ગુરુદ્વારાને પણ નુકસાન પહોંચ્યું હતું. એ ગુરુ સાહેબની કૃપા રહી હતી કે હું તેનો જીર્ણોદ્ધાર સુનિશ્ચિત કરી શક્યો. ન માત્ર ગુરુદ્વારાની મરામત કરવામાં આવી પરંતુ તેના ગૌરવ અને ભવ્યતાને પણ ફરીથી સ્થાપિત કરવામાં આવ્યાં. આપણને બધાને ગુરુ સાહેબના ભરપૂર આશીર્વાદ પણ મળ્યા. લખપત ગુરુદ્વારા સંરક્ષણના પ્રયાસોને ૨૦૦૪માં UNESCO Asia Pacific Heritage Award માં Award of Distinction આપવામાં આવ્યો. એવોર્ડ પ્રદાન કરનારી Jury એ જોયું કે પાયાની મરામત દરમિયાન શિલ્પ સાથે જોડાયેલી બારીકીઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું. જ્યુરીએ એ પણ નોંધ્યું કે ગુરુદ્વારાના પુનઃનિર્માણ કાર્યમાં શીખ સમુદાયની ન માત્ર સક્રિય ભાગીદારી રહી પરંતુ, તેમના જ માર્ગદર્શનમાં આ કામ થયું. લખપત ગુરુદ્વારા જવાનું સૌભાગ્ય મને ત્યારે મળ્યું હતું જ્યારે હું મુખ્યમંત્રી પણ નહોતો. મને ત્યાં જઈને અનંત ઊર્જા મળતી હતી. આ ગુરુદ્વારામાં જઈને કોઈપણ પોતાને ધન્ય અનુભવે છે. હું એ વાત માટે ઘણો જ કૃતજ્ઞ છું કે ગુરુ સાહેબે મારી પાસેથી નિરંતર સેવા લીધી છે. ગત વર્ષ નવેમ્બરમાં જ કરતારપુર સાહિબ કોરિડોરનું ખૂલવું ઘણું જ ઐતિહાસિક રહ્યું.


એ વાતને હું જીવનભર મારા હૃદયમાં સાચવીને રાખીશ. એ આપણા બધાનું સૌભાગ્ય છે કે આપણને શ્રી દરબાર સાહિબની સેવા કરવાનો વધુ એક મોકો મળ્યો. વિદેશમાં રહેનારા આપણાં શીખ ભાઈ-બહેનો માટે હવે દરબાર સાહિબની સેવા માટે પૈસા મોકલવાનું વધુ સરળ થઈ ગયું છે. આ પગલાંથી વિશ્વભરની સંગત દરબાર સાહિબની વધુ નજીક આવી ગઈ છે.

સાથીઓ, તે ગુરુ નાનક દેવજી જ હતા, જેમણે લંગરની પરંપરા શરૂ કરી હતી અને આજે આપણે જોયું કે દુનિયાભરમાં શીખ સમુદાયે કેવી રીતે કોરોનાના આ સમયમાં લોકોને ખાવાનું ખવડાવવાની પોતાની પરંપરા જાળવી રાખી છે. માનવતાની સેવાની આ પરંપરા, આપણા બધા માટે નિરંતર પ્રેરણાનું કામ કરે છે. હું ઇચ્છું છું કે આપણે બધા સેવકની જેમ કામ કરતા રહીએ. ગુરુ સાહેબ મારી પાસેથી તેમજ દેશવાસીઓ પાસેથી આવી જ રીતે સેવા લેતા રહે. ફરી એકવાર, ગુરુ નાનક જયંતી પર મારી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

## Education Journey

મારા પ્રિય દેશવાસીઓ, ગત દિવસોમાં મને દેશભરની કેટલીયે યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ સાથે વાતચીતનો, તેમની education journeyની મહત્ત્વપૂર્ણ eventsમાં સામેલ થવાનો મોકો પ્રાપ્ત થયો છે. ટેક્નોલોજીના માધ્યમથી IIT-Guwahati, IIT-Delhi, ગાંધીનગરની Deendayal Petroleum University, દિલ્હીની JNU, Mysore University અને લખનૌ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે connect થઈ શક્યો.

દેશના યુવાનોની વચ્ચે રહેવું ઘણું જ તાજગી આપનારું અને ઊર્જાથી ભરેલું હોય છે. વિશ્વવિદ્યાલયના પરિસર તો એક રીતે Mini India જેવાં હોય છે. એક તરફ જ્યાં આ કેમ્પસમાં ભારતની વિવિધતાનાં દર્શન થાય છે, તો બીજી તરફ ત્યાં New India માટે મોટા-મોટા બદલાવનું passion પણ જોવા મળે છે. કોરોનાથી પહેલાનાં દિવસોમાં જ્યારે હું રૂબરૂ કોઈ ઇન્સ્ટિટ્યૂટની ઈવેન્ટમાં જતો હતો, તો એ આગ્રહ પણ કરતો હતો કે આસપાસની શાળાઓમાંથી ગરીબ બાળકોને પણ આ સમારોહમાં આમંત્રિત કરવામાં આવે. તે બાળકો, તે સમારોહમાં મારા સ્પેશિયલ ગેસ્ટ બનીને આવતા રહ્યા છે. એક નાનું બાળક તે ભવ્ય સમારોહમાં કોઈ યુવાનને ડોક્ટર, એન્જિનિયર, સાઈન્ટિસ્ટ બનતાં જોવે છે, કોઈને મેડલ



લેતા જોવે છે, તો તેનામાં નવાં સપનાંઓ જાગે છે – હું પણ કરી શકું છું, એ આત્મવિશ્વાસ જાગે છે. સંકલ્પ માટે પ્રેરણા મળે છે.

સાથીઓ, આ ઉપરાંત વધુ એક વાત જાણવામાં મારી હંમેશા રુચિ રહેતી હોય છે કે તે institutionના alumni કોણ છે, તે સંસ્થાના પોતાના alumni સાથે regular engagementની વ્યવસ્થા છે કે કેમ? તેમનું alumni network કેટલું જીવંત છે...

**જ્યાં આપના વ્યક્તિત્વનો વિકાસ થયો છે, ત્યાંના વિકાસ માટે આપ કંઈક કરો તેનાથી મોટી ખુશી શું હોઈ શકે છે?**

મારા યુવા દોસ્તો, આપ ત્યાં સુધી જ કોઈ સંસ્થાના વિદ્યાર્થી હોવ છો જ્યાં સુધી આપ અભ્યાસ કરો છો, પરંતુ ત્યાંના alumni, આપજીવનભર રહો છો. સ્કૂલ, કોલેજમાંથી બહાર નીકળ્યા બાદ બે વસ્તુ ક્યારેય પૂરી થતી નથી – એક, તમારા શિક્ષણનો પ્રભાવ અને બીજું આપનું, આપની સ્કૂલ, કોલેજ સાથેનું જોડાણ. જ્યારે પણ ક્યારેક alumni એકબીજા સાથે વાત કરે છે, તો સ્કૂલ, કોલેજની તેમની યાદોમાં, પુસ્તકો અને ભણવાથી પણ વધારે કેમ્પસમાં વિતાવેલો સમય અને દોસ્તો સાથે વિતાવેલી પળો હોય છે, અને એ જ યાદોથી જન્મ લે છે એક ભાવ, institution માટે કંઈક કરવાનો. જ્યાં આપના વ્યક્તિત્વનો વિકાસ થયો છે, ત્યાંના વિકાસ માટે આપ કંઈક કરો તેનાથી મોટી ખુશી શું હોઈ શકે છે? મેં કેટલાક એવા પ્રયાસો વિશે વાંચ્યું છે, જ્યાં પૂર્વ વિદ્યાર્થીઓએ તેમની જૂની સંસ્થાઓને બને તેટલું વધારે આપ્યું છે. આજકાલ alumni તેને લઈને ઘણાં સક્રિય છે. IITians એ તેમની સંસ્થા માટે Conference Centres, Management Centres, Incubation Centres જેવી કેટલીયે અલગ-અલગ વ્યવસ્થાઓ પોતે બનાવીને આપી છે. આ બધા પ્રયાસો વર્તમાન વિદ્યાર્થીઓના learning experience ને સુધારે છે. IIT દિલ્હીએ એક endowment fundની શરૂઆત કરી છે, જે એક ઘણો જ શાનદાર idea છે. વિશ્વની જાણીતી યુનિવર્સિટીમાં આવા પ્રકારના endowments બનાવવાનું કલ્ચર રહેલું છે, જે વિદ્યાર્થીઓની મદદ કરે છે. મને લાગે છે કે ભારતનાં વિશ્વવિદ્યાલયો પણ આ કલ્ચરને institutionalize કરવામાં સક્ષમ છે.

જ્યારે કંઈક પાછું આપવાની વાત આવે છે તો કંઈ મોટું કે નાનું નથી હોતું. નાનામાં નાની મદદ પણ મહત્ત્વ ધરાવે છે. દરેક પ્રયાસ મહત્ત્વપૂર્ણ હોય છે. ઘણીવાર પૂર્વ વિદ્યાર્થીઓ પોતાની સંસ્થાના ટેક્નોલોજી અપગ્રેડેશનમાં, બિલ્ડીંગના નિર્માણમાં, એવોર્ડ્સ અને સ્કોલરશિપ શરૂ કરવામાં, સ્કિલ ડેવલપમેન્ટના પ્રોગ્રામ શરૂ કરવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. કેટલીક શાળાઓના old student association એ mentorship programmes શરૂ કર્યા છે. તેમાં તેઓ અલગ-અલગ બેચના વિદ્યાર્થીઓને guide કરે છે. સાથે education prospect પર ચર્ચા કરે છે. કેટલીક સ્કૂલોમાં ખાસ કરીને બોર્ડિંગ સ્કૂલોની alumni association બહુ જ strong છે, જે sports tournament અને community service જેવી ગતિવિધિઓનું આયોજન કરતા રહે છે. હું પૂર્વ વિદ્યાર્થીઓને આગ્રહ કરવા માંગીશ કે તેમણે જે સંસ્થામાં અભ્યાસ કર્યો છે, તેની સાથે પોતાના bondingને વધુ મજબૂત કરતા રહે. પછી તે સ્કૂલ હોય, કોલેજ હોય, કે યુનિવર્સિટી. મારો સંસ્થાઓને પણ આગ્રહ છે કે alumni engagementના નવા અને innovative પદ્ધતિઓ પર કામ કરે. Creative platforms develop કરે જેથી alumniની સક્રિય ભાગીદારી થઈ શકે. મોટી કોલેજ અને યુનિવર્સિટી જ નહીં, આપણાં ગામોની સ્કૂલોનું પણ strong vibrant active alumni network હોય.

## ૫ ડિસેમ્બરે શ્રી અરબિંદોની પુણ્યતિથિ

મારા પ્રિય દેશવાસીઓ, ૫ ડિસેમ્બરે શ્રી અરબિંદોની પુણ્યતિથિ છે. શ્રી અરબિંદોને આપણે જેટલા વાંચીએ છીએ, તેટલું જ ઊંડાણ આપણને મળતું જાય છે. મારા યુવાન સાથીઓ શ્રી અરબિંદોને જેટલા જાણશે, તેટલા જ પોતાને જાણશે અને પોતાને સમૃદ્ધ કરશે. જીવનની જે ભાવ-અવસ્થામાં આપ છો, જે સંકલ્પોને સિદ્ધ કરવામાં આપ પ્રયત્નશીલ છો, તેની વચ્ચે આપ હંમેશાથી શ્રી અરબિંદોને એક નવી પ્રેરણા આપતા જોશો, એક નવો માર્ગ દેખાડતા જોશો. જેમ આજે જ્યારે આપણે લોકલ માટે વોકલ એ અભિયાન સાથે આગળ વધી રહ્યા છીએ તો શ્રી અરબિંદોનું સ્વદેશીનું દર્શન આપણને માર્ગ દેખાડે છે. બાંગ્લામાં એક બહુ પ્રભાવશાળી કવિતા છે.

**છુઈ શુતો પૉય-મોન્તો આશે તુંગ હોતે**
**દિય-શલાઈ કાઠી, તાઉ આસે પોતે**
**પ્રો-દિપ્પી જાલિતે ખેતે, શુતે,**
**જેતે કિછુતે લોક નૉય શાધીન**

એટલે કે આપણે ત્યાં સોય અને દીવાસળી પણ વિદેશી જહાજમાં આવે



છે. ખાણી-પીણી, સૂવાનું, કોઈપણ વાતમાં લોકો સ્વતંત્ર નથી.

તેઓ કહેતા પણ હતા, સ્વદેશીનો અર્થ છે કે આપણે આપણા ભારતીય કામદારો, કારીગરોએ બનાવેલી વસ્તુઓને પ્રાથમિકતા આપીએ.

એવું પણ નથી કે શ્રી અરબિંદોએ વિદેશોથી કંઈક શીખવાનો પણ ક્યારેય વિરોધ કર્યો હોય. જ્યાં જે નવું છે ત્યાંથી આપણે શીખીએ, જે આપણા દેશમાં સારું હોઈ શકે છે, તેને આપણે સહયોગ અને પ્રોત્સાહન આપીએ, આ જ તો આત્મનિર્ભર ભારત અભિયાનમાં વોકલ ફોર લોકલ મંત્રની ભાવના છે.

**શ્રી અરબિંદો કહેતા હતા, આપણું રાષ્ટ્રીય શિક્ષણ, આપણી યુવા પેઢીના હૃદય અને મગજની ટ્રેનિંગ હોવી જોઈએ**

ખાસ કરીને સ્વદેશીને અપનાવવાને લઈને તેમણે જે કંઈપણ કહ્યું તે આ જે દરેક દેશવાસીએ વાંચવું જોઈએ. સાથીઓ, આવી જ રીતે શિક્ષણને લઈને પણ શ્રી અરબિંદોના વિચાર બહુ જ સ્પષ્ટ હતા. તેઓ શિક્ષણને માત્ર પુસ્તકિયું જ્ઞાન, ડિગ્રી અને નોકરી સુધી જ સીમિત નહોતા માનતા. શ્રી અરબિંદો કહેતા હતા, આપણું રાષ્ટ્રિય શિક્ષણ, આપણી યુવા પેઢીના હૃદય અને મગજની ટ્રેનિંગ હોવી જોઈએ, એટલે કે મસ્તિષ્કનો વૈજ્ઞાનિક વિકાસ થાય અને હૃદયમાં ભારતીય ભાવનાઓ પણ હોય, ત્યારે એક યુવાન દેશનો વધુ એક સારો નાગરિક બની શકે છે, શ્રી અરબિંદોએ રાષ્ટ્રિય શિક્ષણને લઈને જે વાત તે વખતે કહી હતી, જે અપેક્ષા કરી હતી, આજે દેશ તેને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના રૂપમાં પૂરી કરી રહ્યો છે.

મારા પ્રિય દેશવાસીઓ, ભારતમાં ખેતી અને તેનાથી જોડાયેલી વસ્તુઓ સાથે નવાં પરિમાણો જોડાઈ રહ્યાં છે. વીતેલા દિવસોમાં થયેલા કૃષિસુધારે ખેડૂતો માટે નવી સંભાવનાનાં દ્વાર પણ ખોલ્યાં છે. વર્ષોથી ખેડૂતોની જે માગ છે, જે માગોને પૂરી કરવા માટે કોઈ ને કોઈ સમયમાં દરેક રાજકીય દળે તેમને વાયદાઓ કર્યા હતા, તે માગ પૂરી થઈ છે.

**ઘણા વિચાર-વિમર્શ બાદ ભારતની સંસદે કૃષિસુધારને કાયદાકીય સ્વરૂપ આપ્યું આ સુધારાઓથી ખેડૂતોનાં બંધનો સમાપ્ત થયાં છે**


ઘણા વિચાર-વિમર્શ બાદ ભારતની સંસદે કૃષિસુધારને કાયદાકીય સ્વરૂપ આપ્યું. આ સુધારાઓથી ન માત્ર ખેડૂતોનાં બંધનો સમાપ્ત થયાં છે, પરંતુ તેમને નવા અધિકારો પણ મળ્યા છે, નવી તકો પણ મળી છે. આ અધિકારોએ બહુ જ ઓછા સમયમાં ખેડૂતોની મુશ્કેલીઓને ઘટાડવાનું શરૂ કરી દીધું છે.

**પાક ખરીદના ત્રણ દિવસમાં જ ખેડૂતને પૂરું પેમેન્ટ કરવું પડે છે અને જો પેમેન્ટ નથી થતું તો ખેડૂતો ફરિયાદ દાખલ કરાવી શકે છે**

મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના ખેડૂત, જિતેન્દ્ર ભોઈજીએ નવા કૃષિ કાયદાઓનો ઉપયોગ કેવી રીતે કર્યો, તે તમારે પણ જાણવું જોઈએ. જિતેન્દ્ર ભોઈજીએ મકાઈની ખેતી કરી હતી અને સારા ભાવ માટે તેને વેપારીઓને વેચવાનું નક્કી કર્યું. પાકની કુલ કિંમત નક્કી થઈ લગભગ ત્રણ લાખ બત્રીસ હજાર રૂપિયા. જિતેન્દ્ર ભોઈને પચ્ચીસ હજાર રૂપિયા એડ્વાન્સ મળી ગયા હતા. નક્કી એ થયું હતું કે બાકીના પૈસા તેમને પંદર દિવસમાં ચૂકવી દેવામાં આવશે. પરંતુ પછીથી પરિસ્થિતિઓ એવી બની કે તેમને બાકીનું પેમેન્ટ મળ્યું નહીં. ખેડૂતો પાસેથી પાક ખરીદી લો, મહિના-મહિના સુધી પેમેન્ટ ન કરો, સંભવિત મકાઈ ખરીદનારાઓ વર્ષોથી ચાલતી આવતી એ જ પરંપરાને નિભાવી રહ્યા હતા. તેવી જ રીતે ચાર મહિના સુધી જિતેન્દ્રજીનું પેમેન્ટ થયું નહીં. તેવી સ્થિતિમાં તેમની મદદ કરી, સપ્ટેમ્બરમાં જે પાસ થયો છે, જે નવો કૃષિ કાયદો બન્યો છે – તે તેમના કામ આવ્યો. આ કાયદામાં એ નક્કી કરવામાં આવ્યું કે પાક ખરીદના ત્રણ દિવસમાં જ ખેડૂતને પૂરું પેમેન્ટ કરવું પડે છે અને જો પેમેન્ટ નથી થતું તો ખેડૂતો ફરિયાદ દાખલ કરાવી શકે છે. કાયદામાં વધુ એક બહુ મોટી વાત છે, આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ક્ષેત્રના એસ.ડી.એમ. એ એક મહિનાની અંદર જ ખેડૂતની ફરિયાદનો નિકાલ કરવાનો રહેશે.

હવે જ્યારે આવા કાયદાની તાકાત આપણા ખેડૂતભાઈ પાસે હતી, તો તેમની સમસ્યાનું સમાધાન તો થવાનું જ હતું, તેમણે ફરિયાદ કરી અને થોડા જ દિવસમાં તેમની બાકી રકમ ચૂકવી દેવામાં આવી. એટલે કે કાયદાની સાચી અને પૂરી જાણકારી જ જિતેન્દ્રજીની તાકાત બની.

ક્ષેત્ર કોઈપણ હોય, દરેક પ્રકારના ભ્રમ અને અફવાઓથી દૂર, સાચી જાણકારી, દરેક વ્યક્તિ માટે બહુ મોટો ટેકો હોય છે. ખેડૂતોમાં જાગૃતિ વધારવાનું આવું જ એક કામ કરી રહ્યા છે રાજસ્થાનના બારાં જિલ્લામાં રહેતા મોહમ્મદ અસલમજી. તેઓ એક ખેડૂત ઉત્પાદક સંઘના સીઈઓ પણ છે. જી



હા...તમે સાચું સાંભળ્યું, ખેડૂત ઉત્પાદક સંઘના સીઈઓ. આશા છે, મોટી મોટી કંપનીઓના સીઈઓને આ સાંભળીને સારું લાગશે કે હવે દેશના દૂર-દૂરના વિસ્તારોમાં કામ કરી રહેલા ખેડૂત સંગઠનોમાં પણ સીઈઓ બનવા લાગ્યા છે, તો સાથીઓ, મોહમ્મદ અસલમજીએ પોતાના ક્ષેત્રનાં અનેક ખેડૂતોને મેળવીને એક વોટ્સએપ ગ્રુપ બનાવી લીધું છે. આ ગ્રુપ પર તેઓ દરરોજ આસપાસની બજારોમાં શું ભાવ ચાલી રહ્યો છે, તેની જાણકારી ખેડૂતોને આપે છે. એમનું પોતાનું એફપીઓ પણ ખેડૂતો પાસેથી પાક ખરીદે છે, તેથી તેમના આ પ્રયાસથી ખેડૂતોને નિર્ણય લેવામાં મદદ મળે છે.

**જાગૃતિ છે તો જીવંતતા છે**

સાથીઓ, જાગૃતિ છે તો જીવંતતા છે. પોતાની જાગૃતિથી હજારો લોકોનું જીવન પ્રભાવિત કરનારા એક કૃષિ ઉદ્યમી શ્રી વીરેન્દ્ર યાદવજી છે. વીરેન્દ્ર યાદવજી ક્યારેક ઓસ્ટ્રેલિયામાં રહેતા હતા. બે વર્ષ પહેલાં જ તેઓ ભારત આવ્યા અને હવે હરિયાણાના કૈથલમાં રહે છે. બીજા લોકોની જેમ, ખેતીમાં સૂકા ઘાસની તેમની સામે મોટી સમસ્યા હતી. તેના સોલ્યુશન માટે બહુ વ્યાપક સ્તર પર કામ થઈ રહ્યું છે,

પરંતુ આજે મન કી બાતમાં હું વીરેન્દ્ર જીનો ખાસ કરીને ઉલ્લેખ એટલે કરી રહ્યો છું, કારણ કે તેમના પ્રયાસ અલગ છે, એક નવી દિશા દેખાડે છે. સૂકા ઘાસનું સમાધાન કરવા માટે વીરેન્દ્રજીએ પૂળાની ગાંઠ બનાવનારું straw baler મશીન ખરીદ્યું. તેને માટે તેમને કૃષિ વિભાગ તરફથી આર્થિક મદદ પણ મળી. આ મશીનથી તેમણે સૂકા ઘાસના ગઠ્ઠા બનાવવાના શરૂ કર્યા. ગઠ્ઠા બનાવ્યા બાદ તેમણે સૂકા ઘાસને એગ્રો એનર્જી પ્લાન્ટ અને પેપર મિલને વેચી દીધા. તમે જાણીને હેરાન રહી જશો કે વીરેન્દ્રજીએ સૂકા ઘાસમાંથી માત્ર બે વર્ષમાં દોઢ કરોડ રૂપિયાથી પણ વધુનો વેપાર કર્યો છે, અને તેમાં પણ લગભગ ૫૦ લાખ રૂપિયાનો નફો કમાયા છે. તેનો ફાયદો એ ખેડૂતોને પણ થઈ રહ્યો છે, જેમનાં ખેતરોમાંથી વીરેન્દ્રજી સૂકુ ઘાસ ઉઠાવે છે. આપણે કચરામાંથી કંચનની વાત તો ઘણી સાંભળી છે, પરંતુ સૂકા ઘાસનો નિકાલ કરીને પૈસા અને પુણ્ય કમાવાનું આ અનોખું ઉદાહરણ છે. મારા નવયુવાનો, ખાસ કરીને ખેતીનો અભ્યાસ કરી રહેલા લાખો વિદ્યાર્થીઓને આગ્રહ છે કે તેઓ તેમની આસપાસનાં ગામોમાં જઈને ખેડૂતોને આધુનિક ખેતી વિશે, હાલમાં જ થયેલા ખેતીવિષયક સુધારા વિશે જાગૃત કરે. તેવું કરીને આપ દેશમાં થઈ રહેલા મોટા બદલાવમાં સહભાગી બનશો.

**બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપવાની સાથે દેશ પ્રત્યે આપણા સંકલ્પો - બંધારણે એક નાગરિક તરીકે આપણા કર્તવ્યને નિભાવવાની શીખ આપણને આપી છે**

મારા પ્રિય દેશવાસીઓ, મન કી બાતમાં આપણે અલગ-અલગ, વિવિધ અનેક વિષયો પર વાત કરીએ છીએ. પરંતુ એક એવી વાતને પણ એક વર્ષ થઈ રહ્યું છે, જેને આપણે ક્યારેય ખુશીથી યાદ કરવાનું નહીં ઇચ્છીએ. લગભગ એક વર્ષ થઈ રહ્યું છે, જ્યારે દુનિયાને કોરોનાના પહેલા કેસ વિશે ખબર પડી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી આખા વિશ્વએ અનેક ઉતાર-ચડાવ જોયા છે. લોકડાઉનના તબક્કાની બહાર નીકળીને હવે વેક્સિન પર ચર્ચા થવા લાગી છે, પરંતુ કોરોનાને લઈને કોઈપણ પ્રકારની લાપરવાહી હજુ પણ બહુ જ ઘાતક છે. આપણે કોરોના સામે આપણી લડાઈને મજબૂતી સાથે ચાલુ રાખવાની છે. સાથીઓ, કેટલાક દિવસો બાદ જ ૬ ડિસેમ્બરે બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ પણ છે. આ દિવસ બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપવાની સાથે દેશ પ્રત્યે આપણા સંકલ્પો, બંધારણે એક નાગરિક તરીકે આપણા કર્તવ્યને નિભાવવાની જે શીખ આપણને આપી છે, તેનું પુનરાવર્તન કરવાનું છે. દેશના મોટા ભાગમાં શિયાળાની ઋતુ પણ જોર પકડી રહી છે. અનેક જગ્યાઓ પર બરફવર્ષા થઈ રહી છે. આ ઋતુમાં આપણે પરિવારના બાળકો અને વડીલોનું, બીમાર લોકોનું વિશેષ ધ્યાન રાખવાનું છે, પોતે પણ સાવધાની રાખવાની છે. મને ખુશી થાય છે, જ્યારે હું એ જોઉં છું કે લોકો પોતાની આસપાસના જરૂરિયાતમંદોની પણ ચિંતા કરે છે. ગરમ કપડાં આપીને તેમની મદદ કરે છે. નિરાધાર પ્રાણીઓ માટે પણ શિયાળો ઘણી મુશ્કેલી લઈને આવે છે.

તેમની મદદ માટે પણ ઘણા લોકો આગળ આવે છે. આપણી યુવા પેઢી આવાં કાર્યોમાં બહુ વધુ સક્રિય હોય છે. સાથીઓ, હવે પછી જ્યારે આપણે મન કી બાતમાં મળીશું તો ૨૦૨૦નું આ વર્ષ સમાપ્તિ તરફ હશે.

નવી આશાઓ, નવા વિશ્વાસ સાથે આપણે આગળ વધીશું. હવે જે પણ સૂચનો હોય, ideas હોય, તેને મારી સાથે ચોક્કસ વહેંચતા રહો. આપ બધાને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ, આપ બધા સ્વસ્થ રહો, દેશ માટે સક્રિય રહો.

ખૂબ-ખૂબ ધન્યવાદ.



## કોંગ્રેસ દર વખતે પોતાના રંગ અને વલણ બદલતી રહે છે

# ૨૦૧૯ના ચૂંટણી ઢંઢેરામાં જે કોંગ્રેસે APMC એક્ટ નાબૂદીની વાત કહી હતી તે કોંગ્રેસે ફેરવી તોળી અને હવે ખેડૂત આંદોલનમાં કૂદી પડી છે તે જ બતાવે છે કે ખેડૂતોના હિતની વાત નહિ એ જ કોંગ્રેસનો પોતાનો રાજકીય એજન્ડા છે - વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા.૮ મી ડિસેમ્બરે આપવામાં આવેલા ભારત બંધના એલાનને કોંગ્રેસ અને રાજકીય પક્ષો દ્વારા ખેડૂતોના નામે પોતાના રાજકીય રોટલા શેકવાનું ષડયંત્ર ગણાવ્યું છે.

તેમણે કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષો મોદી સરકાર વિરુદ્ધ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા આ આંદોલનમાં ખેડૂતોના નામે કૂદી પડી છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, કોંગ્રેસ દર વખતે પોતાના વલણ અને રંગ બદલતી રહે છે. જે કોંગ્રેસે ૨૦૧૯માં પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહેલું કે કોંગ્રેસ સત્તામાં આવશે તો APMC એક્ટ નાબૂદ કરશે અને તમામ બંધનો હટાવી લેશે. આજે જ્યારે મોદી સરકારે ખેડૂતોના હિતમાં આ પગલું લીધું ત્યારે એ જ કોંગ્રેસ ખેડૂતોના નામે મોદી સરકાર વિરુદ્ધ આંદોલન કરવા નીકળી પડી છે, એ જ બતાવે છે કે તેમના હૈયે ખેડૂતોનું હિત નહિ પરંતુ પોતાનો રાજકીય એજન્ડા જ રહેલો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોંગ્રેસ પહેલાં પ્રજાને જવાબ આપે કે ભૂતકાળમાં તમે જ આ સુધારાઓ, APMC એક્ટ નાબૂદીની વાત કરી હતી. હવે આ તો મોદી સરકાર જશ લઈ જશે તેવો ભય લાગતાં કેમ ફેરવી તોળો છો? તેમણે ગાંધીનગરમાં પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, જ્યારે ખેડૂતનેતાઓએ પણ સ્પષ્ટતા કરી છે કે અમારા આંદોલનમાં કોઈ રાજકીય પાર્ટીને જોડીશું નહિ, ત્યારે કોંગ્રેસ સહિતના વિપક્ષો સામે ચાલીને આ બંધના સમર્થનમાં વણનોતર્યા કૂદી પડયા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ ખેડૂતોના નામે મગરનાં આંસુ સારનારા કોંગ્રેસીઓ અને વિપક્ષોને જવાબ આપતાં કહ્યું કે, કોંગ્રેસનું તો અસ્તિત્વ જ ખતમ થઈ ગયું છે. લોકસભા-વિધાનસભા ચુનાવથી માંડીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસ નામશેષ થઈ ગઈ છે.


પ્રજા હવે કોંગ્રેસ સાથે નથી અને કોંગ્રેસની રાજકીય દાવાપેચની નીતિઓને બરોબર ઓળખી જઈ જાકારો આપી દીધો છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોંગ્રેસના તત્કાલીન પ્રમુખ રાહુલ ગાંધીએ તો ૨૦૧૩માં કોંગ્રેસશાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે બેઠક કરીને APMCને બદલે ECA લાવવાની અને ફળફળાદિ તથા શાકભાજીને ડિલિસ્ટ કરવાની વાત કરી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ ઉમેર્યું કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા શરદ પવારે પણ તેઓ જ્યારે કૃષિમંત્રી હતા ત્યારે બધાં રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર પાઠવીને મંડી એક્ટ હટાવવાની વાત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસ અને વિપક્ષોના દાંત દેખાડવાના અને ચાવવાના જુદા જુદા છે તેવા બેવડા વલણની આલોચના કરતાં સ્પષ્ટપણે કહ્યું કે મનમોહનસિંહજીની સરકારમાં સામેલ NCP સહિતના બધા પક્ષો APMC એક્ટ હટાવવાનું સમર્થન કરતા હતા ને હવે મોદી સરકારનો વિરોધ કરવાનું રાજકીય તરકટ કિસાનોના નામે ચલાવે છે.

તેમણે ઉમેર્યું કે, જે યોગેન્દ્ર યાદવ આજે કિસાનોના નામે આંદોલનને ટેકો આપવા નીકળ્યા છે તે જ યોગેન્દ્ર યાદવ ૨૦૧૭માં તેમણે કરેલી ટવીટ જોઈ લે.



## વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રદેશ ભાજપા કિસાન મોરચાની બેઠક યોજાઇ

**દેશને સ્વતંત્રતા મળ્યાના સાત દાયકા બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિસુધારાઓને અમલમાં મૂકી અન્નદાતા એવા કરોડો ખેડૂતોની આવક બમણી કરવાની નેમ સાથે ખેડૂતોને તેમના ઉત્પાદનના વેચાણ અંગે સ્વતંત્રતા આપી વૈકલ્પિક સુવિધાઓ પ્રદાન કરી છે**
**- શ્રી સી. આર. પાટીલ**




ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રદેશ ભાજપા કિસાન મોરચાની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, ભાજપા કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ કિસાન મોરચાના પ્રભારી શ્રી જયંતીભાઈ કવાડીયા, પ્રદેશ મંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, ભાજપા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી બાબુભાઈ જેબલિયા, મહામંત્રીશ્રીઓ, કિસાન મોરચાના અન્ય પદાધિકારીશ્રીઓ, એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રીઓ, ખેડૂત અગ્રણીશ્રીઓ સહિતના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશને સ્વતંત્રતા મળ્યાના સાત દાયકા બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અન્નદાતા એવા કરોડો ખેડૂતોની આવક બમણી કરવાની નેમ સાથે કૃષિસુધારાઓને અમલમાં મૂકી ખેડૂતોને તેમના ઉત્પાદનના વેચાણ અંગે સ્વતંત્રતા આપી વૈકલ્પિક સુવિધાઓ પ્રદાન કરી છે ત્યારે કોંગ્રેસ સહિતના વિરોધપક્ષો ખેડૂતોને ગેરમાર્ગે દોરી, ખોટી ભ્રમણાઓ ફેલાવી, દેશના શાંતિપૂર્ણ વાતાવરણને ડહોળવાના બદઈરાદા સાથે ખેડૂતોના હિતમાં અમલમાં મુકાયેલા કૃષિ કાયદાઓ બાબતે રાજકીય રોટલા શેકી, કેન્દ્ર સરકારને બદનામ કરવાના કુપ્રયાસો કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, હકીકત તો એ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલા કૃષિસુધારાઓ સંપૂર્ણપણે ખેડૂતોના હિતમાં છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ ભાજપા ખેડૂતોનું સન્માન કરે છે. સરકાર ખુલ્લા મને વાતચીત કરીને ખેડૂતોની તમામ શંકા દૂર કરવા તૈયાર છે. એમ.એસ.પી, એ.પી.એમ.સી. અને ખેડૂતોની જમીનના સંદર્ભે જુઠ્ઠાણાં ફેલાવી આજે દેશમાં સુનિયોજિત ઢબે કેન્દ્ર સરકાર વિરુદ્ધ ખેડૂતોને ભડકાવી કેટલાક લોકો તેમનો અંગત સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ દેશનો ખેડૂત શાણો અને સમજુ છે, પોતાનું ભલું શેમાં છે તે સુપેરે જાણે છે, ખેડૂતોને ફક્ત રાજકીય હાથા તરીકે ઉપયોગ કરતી રાજકીય પાર્ટીઓને દેશનો અન્નદાતા ઓળખી ચૂક્યો છે, રાજ્ય અને દેશના ખેડૂતને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસની લાગણી છે. આ ઉપરાંત શ્રી પાટીલે વિવિધ મુદ્દે બેઠકમાં ઉપસ્થિત સૌને આવશ્યક માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ વિવિધ મુદ્દે છણાવટ કરીને બેઠકમાં જોડાયેલા સૌ આગેવાનશ્રીઓને વર્તમાન પરિસ્થિતિના અનુસંધાને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી દલસાણિયાએ ગુજરાતના સમજુ અને મહેનતુ ખેડૂતો કૃષિસુધારાઓના મુદ્દે ચાલી રહેલા ભ્રામક અપપ્રચારમાં નહીં આવે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



યોગેન્દ્ર યાદવે એ ટ્વીટમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને APMC એકટ સહિત ખેડૂત કાનૂન સુધારા માટે કહેલું એ જ યાદવ આજે માત્ર પોતાનું રાજકીય હિત સાધવાના ઉદ્દેશ્યથી વિરોધ કરે છે. આ બધા જ પક્ષો પોતાનું રાજકીય અસ્તિત્વ ટકી રહે, યેનકેન પ્રકારે લોકનજરમાં રહી શકાય તેવા ઉદ્દેશ્યથી ખેડૂતોના નામે આંદોલનમાં સામેલ થઈ કિસાનોને ભ્રમિત કરે છે એમ મુખ્યમંત્રીશ્રીએ સાફ શબ્દોમાં જણાવ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ જે આ શંભુમેળામાં જોડાઈને ખેડૂતોના નામે રાજનીતિ કરવા નીકળ્યા છે તેમના પિતા મુલાયમસિંહ યાદવે પણ UPAના સમયમાં APMC એકટ હટાવવાનું સમર્થન કરેલું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ખેડૂત હિતકારી અનેક નિર્ણયો કર્યા છે. લઘુતમ ટેકાના ભાવો MSPનો વ્યાપ વધાર્યો છે. MSP પર વિશેષ ઝોક આપીને ખેડૂતની પડખે ઊભી રહી છે.

આ નવા સુધારા કાયદાથી મોદી સરકાર ખેડૂતોને પોતાની પેદાશ દેશમાં ગમે ત્યાં વેચવાની છૂટ આપી રહી છે અને ખેડૂતને આર્થિક રીતે સક્ષમ બનાવવાની દિશા આપી રહી છે ત્યારે ખેડૂતોને ગુમરાહ કરવા નીકળેલા વિપક્ષોની કોઈ ચાલ સફળ નહિ થાય એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારે આ સુધારાઓ અંગેના નક્કર સુઝાવો, યોગ્ય સૂચનો માટે ખુલ્લું મન રાખીને તે આવકાર્ય છે એમ જણાવેલું છે. ખેડૂતોના હિતમાં સરકારે જ્યારે સૂચનો-મંતવ્યો આવકાર્યા હોય ત્યારે વિપક્ષો ખોટી માંગથી આંદોલનનો રાજકીય રંગ આપવાની પેરવી કરે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં આ ખેડૂત આંદોલનને કોઈ ખેડૂતોનો ટેકો મળ્યો નથી તેમ સ્પષ્ટ જણાવતાં ઉમેર્યું કે, ગુજરાતમાં પાછલાં ૩ વર્ષમાં સરકારે ૧૫ હજાર કરોડથી વધુની ખેતપેદાશો ટેકાના ભાવે ખરીદીને જગતના તાતને આર્થિક રીતે સક્ષમ બનાવ્યો છે.


●

**બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ભાજપાના પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાની બેઠક યોજાઈ**




બંધારણના ઘડવૈયા પરમ શ્રદ્ધેય ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાની બેઠક યોજાઈ. આ બેઠકમાં ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ મહંતશ્રી શંભુનાથજી ટૂંડિયા, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ મંત્રીશ્રી જીવરાજભાઈ ચૌહાણ સહિતના અનુસૂચિત જાતિ મોરચાના આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ડો.બાબાસાહેબ આંબેડકરનું સ્મરણ કરી, તેમણે દેશ માટે આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી તેમજ બેઠકમાં ડિજિટલ માધ્યમથી જોડાયેલા સૌ આગેવાનશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓને વિવિધ મુદ્દે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા અને ભાજપા અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી શંભુનાથજી ટૂંડિયાએ પણ બેઠકમાં ઉપસ્થિત સૌને સંબોધન કર્યુ હતું.





# ગુજરાતે મેળવ્યું દેશમાં સૌથી વધુ વિદેશી રોકાણ



**એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ગુજરાતે રૂ. ૧.૧૯ લાખ કરોડનું વિદેશી મૂડીરોકાણ હાંસલ કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ રોકાણના ૫૩% છે. કોવિડ-૧૯ના કપરા કાળમાં પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દીર્ઘદૃષ્ટા નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહ્યું છે અને તેણે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સિંહ ફાળો આપ્યો છે**

### ગુજરાતમાં રોકાણ

- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાતના વિદેશી રોકાણમાં ૨૪૦%નો જંગી વધારો થયો છે, જે ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ છે.
- એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ના DPIIT દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ વિદેશી રોકાણનો ૫૩% હિસ્સો છે.
- એન્યુઅલ સર્વે ઓફ ઇન્ડસ્ટ્રીઝ (ASI) અનુસાર, ઔદ્યોગિક ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાત ભારતના ઉત્પાદનમાં ૧૭.૫% હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો ૨૩%થી વધુ ફાળો છે અને ગુજરાતના બંદરો ભારતના કુલ ૪0% કાર્ગોનું વ્યવસ્થાપન કરે છે.
- આંકડાઓની દૃષ્ટિએ IEM ફાઈલ કરવામાં અને ૨૦૧૯માં નોંધાયેલા વાસ્તવિક રોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.
- DPIITના આંકડાઓ પ્રમાણે ભારતમાં મૂલ્યના સંદર્ભમાં IEM ફાઈલ કરવામાં અને વર્ષ ૨૦૧૯માં ૪૯ બિલીયન યુએસ ડોલરના પ્રસ્તાવિત રોકાણ સાથે ગુજરાતે ૫૧% હિસ્સો (ભારતમાં સૌ પ્રથમ સ્થાન) હાંસલ કરેલ છે.
- જ્યાં ભારતમાં વર્ષ ૨૦૧૯માં પ્રસ્તાવિત રોકાણો (IEMs)માં ૪૮%નો વધારો નોંધાયો, ત્યાં ગુજરાતમાં પાછલા વર્ષ કરતાં ૩૩૩%ની વૃદ્ધિ નોંધાઈ છે.
- ગુજરાતમાં વર્તમાન સમયમાં લગભગ ૧૦૦ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ છે.

### ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ની મુખ્ય વિશેષતાઓ

- વૃદ્ધા લાભ સાથે ૧૫ મુખ્ય ક્ષેત્રો
- રાજ્યમાં મૂડીરોકાણો પર આધારિત ઈન્સેન્ટિવ્સ; SGSTથી ઈન્સેન્ટિવ્સને અલગ કરતું સૌ પ્રથમ રાજ્ય.
- નિશ્ચિત મૂડીરોકાણના ૧૨% સુધી મૂડી સબસિડી.
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને મૂડી અને વ્યાજ સબસિડી.
- ખાનગી કંપનીઓ દ્વારા સંશોધન અને વિકાસ કેન્દ્રો સ્થાપવા માટે ઈન્સેન્ટિવ્સ.
- અન્ય દેશોમાંથી સ્થળાંતર થતા ઉદ્યોગો માટે ઈન્સેન્ટિવ્સ.
- લાંબા ગાળા માટે લીઝ પર સરકારી જમીન.
- સિંગલ પોઈન્ટ સંપર્ક તરીકે સમર્પિત રિલેશનશિપ મેનેજર્સ.
- મેગા ઓનલાઈન પરમિશન અને કેન્દ્રીય નિરીક્ષણ એજન્સી.



પ્રેરક શાહ

# ભારતના ઇતિહાસનું સૌથી મોટું જમીન કૌભાંડ : કાશ્મીરનો રોશની એક્ટ કોંગ્રેસ, ફારૂખ અબ્દુલ્લા અને મુફ્તી મોહમ્મદ સઈદની મીલીભગત

## શ્રીનગર શહેરની વચ્ચોવચ્ચ ખિદમતી ટ્રસ્ટના નામથી કોંગ્રેસ પાસે કીમતી જમીનના હક પહોંચ્યા તો નેશનલ કોન્ફરન્સનું કાર્યાલય પણ આવી જ જમીન ઉપર બન્યું છે


**એક મોટું કૌભાંડ લગભગ ૨૫ હજાર કરોડનું જે રોશની એક્ટની આડમાં સામે આવ્યું**

જમ્મુ-કાશ્મીર આઝાદી પછી રાજનીતિક જીવન તથા શાસન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર, કૌભાંડ, ગેરકાનૂની કૃત્યો તથા આર્થિક અપરાધથી ખદબદતું રહ્યું છે. કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં સ્વસ્થ લોકતાંત્રિક વ્યવસ્થા લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. એક મોટું કૌભાંડ લગભગ ૨૫ હજાર કરોડનું જે રોશની એક્ટની આડમાં સામે આવ્યું છે. હકીકતમાં નામથી જોઈએ તો આ વીજળી સંબંધિત કૌભાંડ હોય તેવું પ્રતીત થાય પરંતુ આ જમ્મુ-કાશ્મીરની રાજનીતિ અને શાસન-વ્યવસ્થાની અંધેરગર્દીથી જોડાયેલું ખૂબ મોટું જમીન કૌભાંડ છે.

આઝાદી પછી રાજનૈતિક તથા સામાજિક સ્વાર્થને કશ્મીરના ઇતિહાસ અને સંસ્કૃતિને એક વિપરીત દિશામાં ભટકાવી દીધા. ભ્રષ્ટ, વિઘટનકારી, અલગાવવાદી અને આતંકવાદી પ્રવૃત્તિની સંસ્કૃતિને એક ષડયંત્રની રીતે પોષવામાં આવી. કાશ્મીરની મૂળ સંસ્કૃતિને કચડીને પણ આ સંસ્કૃતિને મોટી કરવાની કોશિશો થતી રહી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કાશ્મીરના લોકોની જિંદગી પર અસર કરતી આ સ્વાર્થની રાજનીતિ, અરાજકતા તથા આતંકની કાલિમા ધીરે ધીરે દૂર કરી રહ્યા છે. જેથી જમ્મુ-કાશ્મીર રાજ્ય માટે ખતરારૂપ બનેલા આ નાસૂરોને ખતમ કરી એક આદર્શ શાસનવ્યવસ્થા સ્થાપિત થાય અને સાચા અર્તમાં કાશ્મીરિયત, જમુરીયત અને ઈન્સાનિયતનું રાજ્ય સ્થપાય.

જમ્મુ-કાશ્મીરમાં આ મોટા કૌભાંડમાં સીબીઆઈ તપાસ દરમિયાન ઘણા મોટા નેતા, અધિકારીઓનાં નામ સામે આવ્યાં છે, જેમાં પૂર્વ નાણામંત્રી હસીબ ટ્રાબૂ, પૂર્વગૃહમંત્રી સજ્જાદ કિચલૂ, નેશનલ કોંગ્રેસના નેતા સઈદ આખૂન જેવાં અગણિત નામ છે. કોંગ્રેસ, પીડીપી તથા નેશનલ કોન્ફરન્સ બધાની જમીન ઉપર અવૈધ કબજો કરી રાખ્યો છે. તત્કાલીન સરકાર દ્વારા અવૈધ કબજો હટાવવાની જગ્યાએ આ જમીનોના માલિકીહક્ક આપવા માટે કાયદો બનાવ્યો જેને રોશની એક્ટ કહેવામાં આવે છે. આ કાયદાનો ફાયદો ઉઠાવીને રાજનેતાઓએ સરકારી તથા વનની જમીન પચાવી પાડી. હવે કેન્દ્ર શાસિત જમ્મુ-કાશ્મીરમાં એ આશા જાગી છે કે સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર કબજા હટાવાશે તથા દોષિતો સામે કાર્યવાહી પણ થશે. સીબીઆઈ તપાસમાં આ તમામનાં કાળાં કારનામાં બહાર આવશે. જમ્મુ-કાશ્મીરની રાજનીતિનું ચરિત્ર ઘણી રીતે રાષ્ટ્રવિરોધી દબાણોથી પ્રભાવિત રહ્યું છે. વિડમ્બના એ છે કે આ રાજ્ય તથા રાજ્યની જનતાને ત્યાંના રાજનેતા પોતાના આર્થિક લાભ તથા સ્વાર્થ માટે લગાતાર હિંસા, આતંક, અરાજકતા તથા અલગાવવાદની આગમાં હોમતા રહ્યા, જેમાં રાજ્યની સરકારને તત્કાલીન કોંગ્રેસની કેન્દ્ર સરકારથી સંરક્ષણ તથા આર્થિક સહાયતા મળતી હતી.

હવે જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્ર પ્રથમ, ચરિત્રનિર્માણ, વિકાસ, શાંતિ, અમન-ભાઈચારાના પ્રયત્ન થાય છે તો આ ભ્રષ્ટ રાજનેતાને એવું લાગે છે કે આ કોઈ વિજાતીય તત્ત્વ છે જે અમારા જીવનમાં ઘૂસી રહ્યું છે. જે મર્યાદા, સદ્‌ચરિત્ર, રાષ્ટ્રવાદનું આચરણ આપણું રાષ્ટ્રીય ચરિત્ર અને સંસ્કૃતિ રહી છે. આ જીવન-વ્યવહાર આ રાજ્યમાં પ્રયત્નપૂર્વક દૂર કરવામાં આવ્યો છે. માટે લગાતાર હિંસા, આતંક, અરાજકતા તથા અલગાવવાદની આગમાં હોમતા રહ્યા જેમાં રાજ્યની સરકારને તત્કાલીન કોંગ્રેસની કેન્દ્ર સરકારથી સંરક્ષણ તથા આર્થિક સહાયતા મળતી હતી. કોંગ્રેસ સહિત સ્થાનિક રાજનૈતિક પાર્ટી દ્વારા ઘૃણિત રાજનીતિ કરી પ્રદેશની અસ્મિતા ખતમ કરવાના પ્રયત્નો થયા છે, પરંતુ આ ઘૃણિત રાજનીતિ હવે કાશ્મીરમાં ઇતિહાસ થઈ ગઈ છે. જે આ રાષ્ટ્રવિરોધી સ્વાર્થી રાજનેતાઓ માટે સૌથી મોટી બાધા બની ગઈ છે. આ મોટું કૌભાંડ ખૂલતાં પોતાને જમ્મુ-કાશ્મીરના ભાગ્યવિધાતા માનવાવાળા ભ્રષ્ટ નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. આમ તો તેમની ઊંઘ કલમ ૩૭૦ દૂર કરવામાં આવી ત્યારથી ઊડી ગઈ છે



એટલે જ તો ગુલામનબી આઝાદ, ફારુખ અબ્દુલા અને મહેબૂબા મુફતીના વિરોધમાં પ્રતિક્રિયા આવે છે અને વર્તમાનમાં તો ૩૭૦ કલમની બહાલી કરવા ચીનનું સમર્થન લેવાની વાત કરે છે તથા ગુપકાર નામનું સંગઠન બનાવ્યું છે. જેનો હેતુ જ રાષ્ટ્રવિરોધી તાકાતોને રાજ્યમાં મજબૂત કરવાનો છે. કોંગ્રેસ દ્વારા પણ તેને સમર્થન આપવામાં આવે છે. પૂર્વગૃહમંત્રી પી. ચિદમ્બરમ તો કહે છે કે કોંગ્રેસ સત્તામાં આવશે તો ૩૭૦ કલમ પાછી લાવી દઈશું. આવા રાષ્ટ્રવિરોધી તથા વિસંગત બયાનોથી સમગ્ર રાષ્ટ્ર ચિંતિત થાય તે સ્વાભાવિક છે.

આ નેતાઓએ રાજ્યની તિજોરીનો પોતાના માટે જ ઉપયોગ કર્યો છે. ભ્રષ્ટ આચરણ, વ્યવહાર અને ભ્રષ્ટાચારને જ પોતાના સિદ્ધાંત બનાવી દીધા હતા. આવી સ્વાર્થની રાજનીતિ કરવાવાળા કોંગ્રેસ સહિત સ્થાનિક પક્ષોએ સમાજના ઉત્થાન માટે નહીં પરંતુ સત્તા મેળવવા એવી રણનીતિ અખત્યાર કરી કે વારંવાર તેઓ જ સત્તા પ્રાપ્ત કરે. તેમના માટે રાષ્ટ્ર કરતાં સત્તા સર્વોપરી હતી. રાષ્ટ્રને સંગઠિત કરવાની જગ્યાએ વિઘટિત કરવું એ જ એમની કાર્યપ્રણાલી છે. રાજ્યના નેતાઓ તથા અલગાવવાદીઓએ સરકારી ધન તથા પાકિસ્તાનથી મળેલા પૈસાથી દેશ-વિદેશમાં ખૂબ સંપત્તિ બનાવી દીધી છે. જ્યારે કાશ્મીરના બાળકોના હાથમાં પથ્થર પકડાવી દીધા અને વિકાસના રસ્તાથી તેમને ભટકાવી દીધા. ગરીબોનાં ઘર રોશન કરવાના નામ પર બનાવેલ કાનૂનની આડમાં કરોડોની સરકારી જમીન હડપ કરી લીધી. જ્યારથી જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો છે ત્યારથી તેમની દુકાનો બંધ થવાથી અરાજકતા ફેલાવવા પર ઊતરી આવ્યા છે.

### ૨.૫ લાખ એકરથી વધારે ગેરકાયદેસર કબજાવાળી જમીન હસ્તાંતરિત

રોશની કૌભાંડ ઉજાગર થવાથી તેમની બેચેની સ્પષ્ટ પ્રતીત થાય છે. જમ્મુ-કાશ્મીર દેશનું એકમાત્ર રાજ્ય એવું હશે કે જ્યાં સરકારી જમીન રાજકીય સંરક્ષણ હેઠળ મોટા પ્રમાણમાં કબજે થઈ હતી. ફારૂખ અબ્દુલ્લાની સરકાર દ્વારા અવૈધ કબજો હટાવવાની જગ્યાએ આ જમીનના માલિકી હક આપવા જમ્મુ-કાશ્મીર ભૂમિ એક્ટ ૨૦૦૧ બનાવ્યો, જેના અંતર્ગત ૧૯૯૦થી જેનો કબજો હોય તેવી જમીનનો માલિકી હક આપવા માટેનો કટઓફ ૨૦૦૧નું વર્ષ રાખ્યું. જેના અંતર્ગત સરકારી જમીનો પર ગેરકાયદેસર કબજાને કાનૂની રીતે માલિકી હક આપવાનાં ષડયંત્રો થયાં. આ સ્કીમ લાવતા સમયે તત્કાલીન મુખ્યમંત્રી ફારૂખ અબ્દુલ્લાએ કહ્યું હતું કે જમીનોના કબજા કાયદેસર કરતાં જે ફંડ ભેગું થશે તે રાજ્યના પાવર પ્રોજેક્ટ માટે વપરાશે એટલે જ આ કાયદાનું નામ રોશની રાખ્યું હતું. એક એકરમાં ૮ કનાલ જગ્યા હોય છે આ રીતે ૨.૫ લાખ એકરથી વધારે ગેરકાયદેસર કબજાવાળી જમીન હસ્તાંતરિત કરવાની યોજના બનાવી.

### જમ્મુ-કાશ્મીરમાં રોશની ફેલાવવાના નામ પર ભ્રષ્ટાચારની અંધેરગર્દી ફેલાવી

આ કાયદામાં બે વાર સંશોધન કરવામાં આવ્યું. એક વાર ૨૦૦૪માં મુફતી મોહમ્મદ સઈદ દ્વારા જેમાં જમીનનો માલિકી હકનો કટ ઓફ વધારીને ૨૦૦૪ કરવામાં આવી અને ત્યારબાદ ગુલામનબી આઝાદ મુખ્યમંત્રી બનતાં તેમણે આ સમય મર્યાદા વધારીને ૨૦૦૭ વર્ષ કરી દીધું. આમ આ તમામ નેતાઓ પોતપોતાના ફાયદા માટે એક્ટમાં સંશોધન કરતા ગયા અને સમયમર્યાદા વધારતા ગયા. કોંગ્રેસના મુખ્યમંત્રી ગુલાબનબી આઝાદ દ્વારા તો ભ્રષ્ટતાની ચરમ પરાકાષ્ઠા કરવામાં આવી કે રોશની એક્ટમાં સુધારો કરીને જમીન માર્કેટ વેલ્યુ પ્રમાણે નહિ પરંતુ માર્કેટ વેલ્યુના ૨૫% અને એગ્રિકલ્ચર જમીન માત્ર માર્કેટ વેલ્યુના ૧૫% આપી કબજેદારને કાયદેસર કરી અપાશે. હજી પણ આની પરાકાષ્ઠા એ હતી કે ૯-૨-૨૦૦૭ના રોજ સુધારો કરી પ્રતિકનાલ માત્ર ૧૦૦ રૂ. ભરીને જમીન કાયદેસર કરાવી શકાશે. એટલે કે ૧ એકરના માત્ર ૮ રૂપિયા સરકારે જે ૨૫ હજાર કરોડ રૂપિયા મળશે તેનો અંદાજ લગાવ્યો હતો જેની સામે ૨૦૧૩-૧૪ના કેગના રીપોર્ટ અનુસાર સરકારને માત્ર ૭૬ કરોડ રૂપિયા જ મળ્યા છે. આમ આ નેતાઓએ જમ્મુ-કાશ્મીરમાં રોશની ફેલાવવાના નામ પર ભ્રષ્ટાચારની અંધેરગર્દી ફેલાવી દીધી. આ કૌભાંડની ઊંડાઈનો અંદાજ એ વાતથી લગાવાય કે શ્રીનગર શહેરની વચ્ચોવચ્ચ ખિદમતી ટ્રસ્ટના નામથી કોંગ્રેસ પાસે કીમતી જમીનના હક પહોંચ્યા તો નેશનલ કોન્ફરન્સનું કાર્યાલય પણ આવી જ જમીન ઉપર બન્યું છે. આ એક્ટની આડમાં જ જમ્મુ-કાશ્મીરથી પલાયન કરેલા કાશ્મીરી પંડિતોનાં ખાલી પડેલાં મકાનો અને દુકાનો પણ પડાવી લેવામાં આવ્યાં. ઉપરનો ઘટનાક્રમ જોતાં સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસ સહિત ત્યાંની બંને રાજકીય પાર્ટી મતદાર માટે પ્રતિદ્વંદ્વી છે, પરંતુ ભ્રષ્ટાચારમાં એકબીજા સાથે મળેલા છે.

●



## રાજ્યસભા સાંસદ સ્વ. શ્રી અભયભાઈ ભારદ્વાજને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## પ્રખર ધારાશાસ્ત્રી ઉપરાંત દેશ-ધર્મ-સંસ્કૃતિ-સમાજ માટે પ્રતિબદ્ધ સરળ સ્વભાવના વ્યક્તિ-નેતા-કાર્યકર્તા આપણે ગુમાવ્યા છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યસભાના સાંસદ અને ભાજપા અગ્રણી શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી ભાવસભર શ્રદ્ધાંજલિ પાઠવી છે.

તેમણે સ્વ. અભયભાઈના અવસાનથી શોકમગ્ન સંવેદના સાથે તેમને ભાવાંજલિ આપતાં શોક-સંદેશમાં જણાવ્યું છે કે, પોતાના પરમ મિત્ર, અદના સાથી, સહકાર્યકર્તા અને તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા અભયભાઈના અવસાનથી ભાજપા અને વ્યક્તિગત રીતે તેમને પોતાને અને ગુજરાતને મોટી ખોટ પડી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે અભયભાઈ ખૂબ સારા ધારાશાસ્ત્રી હતા. ખાસ કરીને તેઓ લડાયક નેતૃત્વ કરવા સાથે દેશ, ધર્મ, સંસ્કૃતિ, સમાજ માટે તેમનું કમિટમેન્ટ-પ્રતિબદ્ધતા હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ કહ્યું કે, સ્વ. અભયભાઈ સૌને સાથે લઈને ચાલનારા સરળ સ્વભાવના વ્યક્તિત્વના ધની હતા. તેમની વર્ષોથી ગ્રાસરૂટ લેવલના કાર્યકર્તાથી માંડીને રાજ્યસભાના સાંસદ તરીકેની જીવનયાત્રા રહી છે, તેનું પણ મુખ્યમંત્રીશ્રીએ સ્મરણ કર્યુ હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, તેમના અવસાનથી સ્વ. અભયભાઈના પરિવારને મોટી ખોટ પડી છે. ભારતીય જનતા પાર્ટીએ પણ એક સંનિષ્ઠ-સારા નેતા-કાર્યકતા ગુમાવ્યા છે. તેમણે સ્વ. અભયભાઈ ભારદ્વાજના આત્માની પરમશાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરવા સાથે તેમના પરિવાર પર આવી પડેલી આ કપરી વેળાને દુઃખ સહન કરવા પ્રભૂ તેમને હિંમત આપે, દુઃખ સહન કરવાની શક્તિ આપે તેમ પણ શોકાંજલી સંદેશમાં જણાવ્યું હતું.

●



### ગુજરાતના રાજ્યસભાના સાંસદ, ઉત્તમ સમાજસેવક, પ્રતિષ્ઠિત વકીલ શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ગુજરાતના રાજ્યસભાના સાંસદ શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, ગુજરાતે એક ઝુઝારુ નેતા, ઉત્તમ સમાજસેવી વ્યક્તિને ગુમાવ્યા છે, ઈશ્વર તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, શ્રી અભયભાઈ ભારદ્વાજની પ્રતિષ્ઠિત વકીલ તરીકેની પણ આગવી છાપ હતી તેઓ જીવનભર લોકોની મદદ કરવામાં અગ્રેસર રહ્યા હતા. તેઓને તેમણે કરેલાં સેવાકીય કાર્યો માટે હંમેશા યાદ કરાશે. શ્રી અભયભાઈ ભારદ્વાજને ભાવભીની શ્રદ્ધાંજલિ.

**માન. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજીના વરદ હસ્તે સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર સાણંદ સર્કલ પાસે અને સિંધુ ભવન ચાર રસ્તા પાસે બનેલ ફલાયઓવરનું લોકાર્પણ કરવામાં આવ્યું ત્યારની તસવીરો**










**૪ મહિનામાં ૧૫ હજાર કરોડના વિકાસ પ્રોજેક્ટોનાં ખાતમુહૂર્તો-ઉદ્‌ઘાટનો થયા - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

## નોઈડા પછી એસ. જી. હાઈવે સિગ્નલ વગરનો રસ્તો બનશે - કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે એસ. જી. હાઈવે ઉપર સાણંદ જતાં સર્કલ ખાતે અને પકવાન જંકશન ખાતે તૈયાર થયેલા બે ૬ લેન ફલાય ઓવરનું વીડિયો કોન્ફરન્સથી ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, દેશમાં નોઈડા પછી ગુજરાતમાં ૫૦ કિલોમીટરમાં એકેય ટ્રાફિક સિગ્નલ ના આવે તે રીતે અમદાવાદ-ગાંધીનગરમાં એસ. જી. હાઈવે તૈયાર થઈ રહ્યો છે, જે આનંદની વાત છે. ગુજરાતની જીડીપી ઝડપથી પહેલાંની સ્થિતિ હાંસલ કરી લેશે તેવો આશાવાદ વ્યક્ત કરતાં ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાની અસરોને લીધે રોડ, વીજળી, ઉદ્યોગક્ષેત્રે રૂ. ૨૦ હજાર કરોડનું પેકેજ આપેલું છે તેને લીધે ત્રણ મહિનામાં જ દેશ પૂર્વવત્ સ્થિતિમાં આવી જશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોનાના કાળમાં પણ વિકાસકાર્યો અવિરત ચાલે છે. છેલ્લા ૪ માસમાં ૧૫ હજાર કરોડના વિકાસ પ્રોજેક્ટોનાં ખાતમુહૂર્તો તથા ઉદ્‌ઘાટન થયાં છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, એસ. જી. હાઈવે ઉપર ૪૪ કિ.મી.ના માર્ગને ૬ લેનમાં ફેરવવાના કાર્યમાં પ્રથમ ચરણ પૂર્ણ થયું છે. મહેસૂલમંત્રી કૌશિક પટેલ, અને પૂર્વ ઔડા અધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી, ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈય્યા નાયડુજી, લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં કેવડિયા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલ કાર્યક્રમની તસવીરો**




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.